॥ ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥




પાક્ષિક

# પ્રજ્ઞા અભિયાન

સમાજ નિર્માણ તથા સાંસ્કૃતિક પુનરુત્થાન માટે સમર્પિત

સંસ્થાપક-સંરક્ષકઃ
વેદમૂર્તિ, તપોનિષ્ઠ પં. શ્રીરામ શર્મા આચાર્ય અને માતા ભગવતી દેવી શર્મા

અંક નં-૧૨ વર્ષ-૨૦ | વાર્ષિક લવાજમ-દેશમાં-૩૦.૦૦ | વિદેશમાં-૪૦૦.૦૦ | ૨૧ જાન્યુઆરી-૨૦૧૧

# સફળતાનો અમોઘ મંત્ર-આત્મશક્તિનો વિકાસ

### આત્મવિશ્વાસની શક્તિ

જીવનમાં અનેક પડકારો, મુશ્કેલીઓ, ગુંચવાડાઓ, અપ્રિય પરિસ્થિતિઓ આવે છે. આ ઝંઝાવાતોમાં કઠોરમાં કઠોર ચટ્ટાનની જેમ પોતાના માર્ગ પર અટલ રહેવા માટે આત્મવિશ્વાસની આવશ્યકતા હોય છે.

લક્ષ્ય જેટલું મોટું હશે, માર્ગ પણ એટલો જ લાંબો હશે અને અવરોધો પણ એટલા વધારે આવશે, એટલા માટે એટલા જ પ્રબળ આત્મવિશ્વાસની જરૂરત પડશે. સંસાર પણ આત્મવિશ્વાસીનું સમર્થન કરે છે. આત્મવિશ્વાસ ચહેરા પર તે આકર્ષણ બનાવે છે. જેનાથી પારકા પોતાના બની જાય છે. વિપરિત પરિસ્થિતિઓ પણ આત્મવિશ્વાસી માટે અનુકૂળ પરિણામ પ્રદાન કરે છે.

આત્મવિશ્વાસનું મૂળ સ્વરૂપ છે-આત્મ-સત્તા પર વિશ્વાસ કરવો. જેને પોતાની આત્માની અજેય શક્તિ, મહાનતા પર વિશ્વાસ છે, જે પોતાના જીવનની સાર્થકતા, મહત્તા, મહાનતા સ્વીકાર કરે છે એનામાં આત્મવિશ્વાસનો સ્ત્રોત ઉમટી પડે છે અને તે જ જીવન-પથના અવરોધો મુશ્કેલીઓને ચીરી, માર્ગના અવરોધોને દૂર કરી પોતાનો માર્ગ સ્વયં કાઢી લે છે. પ્રકૃતિ આત્મવિશ્વાસી પુરુષનો સાથ આપે છે, પોતાના નિયમોને તોડીને પણ સાથ આપે છે.

પોતાને તુચ્છ, અનાવશ્યક સમજનારા સંસાર સાગરમાં તણખલાની જેમ ક્યારેક આ બાજુ તો ક્યારેક પેલી બાજુ અથડાતા રહે છે. જેમને પોતાની આત્મ-સત્તા, પોતાના મહાન અસ્તિત્વનો બોધ નથી, તેને જીવનના સંગ્રામમાં હારવું પડે તો કોઈ આશ્ચર્યની વાત નથી. જે પોતાને તુચ્છ અને અનાવશ્યક સમજે છે, તેને બીજા કેવી રીતે આવશ્યક અને મહત્ત્વપૂર્ણ સમજી શકશે ? આત્મવિશ્વાસના અભાવમાં શંકા, ભય, ચિંતા વગેરે મનોવિકાર પેદા થાય છે અને ત્યારે બીજાનો વિશ્વાસ, આત્મીયતા, સહાનુભૂતિ પણ પ્રાપ્ત થતી નથી.

મનુષ્ય જેવો પોતે-પોતાને સમજશે, એનું વ્યક્તિત્વ, આત્મિક સ્તર પણ તેવું જ બનશે. સારું શિક્ષણ, સાધન, સંપતિ મેળવીને પણ મનુષ્ય આત્મવિશ્વાસના અભાવમાં તુચ્છતા તથા હીનતાનો અનુભવ કરતો રહે છે અને જીવનમાં કોઈ વિશેષ સફળતા મેળવી શકતો નથી. તેઓ જીવનને આમજીંદગી જીવતા, પરિસ્થિતિઓના રોદણા રોતા પોતાના દિવસો પસાર કરે છે. સાધન-સુવિધાઓ તથા સંપદા મેળવીને પણ તેઓ કષ્ટદાયક જીવન વિતાવે છે, પરંતુ આત્મ વિશ્વાસી સામાન્ય પરિસ્થિતિઓમાં જ ઉભા રહીને જીવનમાં ઉત્કર્ષ મેળવે છે.

### નેપોલિયનનું સાહસ

નેપોલિયનની સેના આગળ વધી રહી હતી. માર્ગમાં આલ્પસ પર્વત પડ્યો. સિપાઈ રોકાઈ ગયા. સેનાપતિએ નેપોલિયનને સૂચના આપી, તો નેપોલિયને હસતાં હસતાં કહ્યું-''સેનાપતિ! કોઈ વાત નહીં, આલ્પસ અમારો રસ્તો રોકે છે તો આલ્પસ રહેશે નહીં'' અને એ દુર્ગમ પર્વતને કાપીને સેના માટે રસ્તો બનાવી લીધો. આ આત્મવિશ્વાસનો ચમત્કાર છે. દુનિયામાં જે કંઈ મહત્ત્વપૂર્ણ વાતો દેખાય છે, એનો પાયો મનુષ્યના પ્રબળ આત્મવિશ્વાસ પર રાખવામાં આવ્યો હતો. નેપોલિયનના વિજયમાં એના આત્મવિશ્વાસનો મુખ્ય હાથ હતો. તે ખૂબ જ વિશ્વાસની સાથે કહેતો હતો-''તે ગોળી હજુ નથી બની, જે નેપોલિયનને વિંધી શકે'' અને એક એક યુદ્ધમાં તેને વિજય પણ મળતો ગયો. એનો ઈતિહાસ સાક્ષી છે. આત્મવિશ્વાસની ધરતીમાંથી જ પુરુષાર્થના અંકુર ફૂટી નિકળે છે અને પુરુષાર્થી જ 'વીર ભોગ્ય વસુંધરા' પર સ્વર્ગીય જીવનનું સર્જન કરે છે. પોતે-પોતાને દીન-હીન, મલિન, પતિત સમજનારા ધરતી પર બોઝ જ વધારી શકે છે, તેઓ જ આ ''સ્વર્ગાદપિ ગરીયસી'' ધરતીને નરકતુલ્ય બનાવી દે છે.

### પરાધીનતા ઉચિત નથી

આત્મવિશ્વાસની જ્યોતિને પ્રગટાવવા, તેને પ્રજ્વલિત રાખવા માટે આંતરિક સ્વાધીનતાની આવશ્યકતા છે. જે મનુષ્ય પોતાના માનસિક વિકાર, ચિન્તા, ભય, ક્રોધ, શંકા વગેરેથી ગ્રસ્ત છે, તે સ્વાધીન કહેવડાવવા યોગ્ય નથી. તેતો પરતંત્ર છે. તેને આ વિકાર પોતાની ઈચ્છાનુસાર જ્યાં-ત્યાં ભટકાવે છે. આવી પરતંત્રતામાં આત્મવિશ્વાસ હોતો નથી. જે પોતાના આંતરિક અને બાહ્ય જીવન પર સ્વયં શાસન કરે છે, તે જ આત્મવિશ્વાસની શક્તિને પ્રાપ્ત કરી શકે છે અને એનાથી મનુષ્યની સાધારણ શક્તિઓ પણ અસાધારણ બની જાય છે. લોખંડ, તાંબાના સામાન્ય તારોને કોઈ મહત્ત્વ હોતું નથી, પરંતુ જ્યારે એમાં વિદ્યુત પ્રવાહ વહે છે તો તે ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની જાય છે. વિદ્યા, ધન, શક્તિ, સાધન, સંપત્તિ આ કોઈ મહત્ત્વ નથી રાખતા, અગર એનાથી ચેતના કેન્દ્ર/આત્મવિશ્વાસ જાગ્રત થતો નથી.

### ગભરાઓ નહીં, જવાબદારી સંભાળો

આત્મવિશ્વાસની વૃદ્ધિ માટે જવાબદારીઓનું સ્વાગત કરી તેને સ્વીકારવાની આવશ્યકતા છે. પ્રત્યેક જવાબદારી માટે પૂર્ણ લગન અને શ્રમથી કાર્ય કરી તેને સફળ બનાવવા પ્રયત્ન કરતા રહેવું જરૂરી છે. નાની-નાની જવાબદારીઓને પૂરી કરતાં જ મનુષ્યમાં આત્મવિશ્વાસનો પાયો મજબૂત થવા લાગે છે. જે જવાબદારીઓને ગ્રહણ કરવાનો અવસર આવે તેને સહર્ષ ગ્રહણ કરવામાં આવે. એનાથી બચવાની, ગભરાવવાની વૃત્તિ-આત્મવિશ્વાસને નષ્ટ કરે છે. વિભિન્ન જવાબદારીઓ પૂરી કરીને જ મનુષ્ય મહત્ત્વપૂર્ણ કાર્યોને સંપાદન કરવાની ક્ષમતા અને આત્મવિશ્વાસ પ્રાપ્ત કરે છે.

જીવનમાં જે આદર્શ નક્કી કરવામાં આવે, જે આકાંક્ષાઓ બનાવે, તેને પૂરા મનોયોગથી, તત્પરતાથી પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવામાં આવે. નાની-નાની સફળતાઓથી જ મનુષ્યનો આત્મવિશ્વાસ વધે છે. કોઈ પણ ક્ષેત્રમાં દૃઢ નિશ્ચય અને પ્રયત્નથી સફળતા કોઈને કોઈ માત્રમાં અવશ્ય મળે છે, જેનાથી આત્મવિશ્વાસ જાગશે. ખાસ કરીને જે વાતોથી મનુષ્યને ડર, શંકા, ગભરાહટ અનુભવ થાય, એમાં તો પ્રયત્નપૂર્વક હાથ નાખવો જરૂરી છે. કેમ કે આત્મવિશ્વાસ માટે પ્રબળ શત્રુ છે. અંધારામાં ડરવાવાળા જો પ્રયત્નપૂર્વક અંધારામાં જાય તો એનો અંધારાનો ડર દૂર થઈ જાય. જે કામમાં હાથ નાખવાથી દુર્બળતાના કારણે સંકોચ થાય, એ કામને અવશ્ય કરવામાં આવે.

જીવનમાં થોડીઘણી ભૂલો તથા અસફળ થવું સ્વાભાવિક છે. તેને હંમેશા માટે ભૂલી જવું જ શ્રેયસ્કર છે. એના વિષયમાં વધારે વિચારવામાં ન આવે. પાછલી ભૂલોની ઉપયોગિતા તો એમાં જ છે કે એનાથી અનુભવ મેળવી ભવિષ્યમાં એવું ન કરવામાં આવે. અસફળતાઓ, પાછલી ભૂલોનું ચિંતન કરવાથી દિવસે-દિવસે આત્મવિશ્વાસ નષ્ટ થાય છે.

### ઈશ્વર તમારી સાથે છે

આત્મવિશ્વાસની વૃદ્ધિ માટે ઈશ્વર પર શ્રદ્ધા અને નિષ્ઠા રાખવી એક સરળ માર્ગ છે. ઈશ્વર પર આસ્થા રાખવાથી એની અનંત વ્યાપકતા પર વિશ્વાસ રહે છે. સાથે જ એનાથી માનસિક વિકારોનું સમાધાન થાય છે અને મનને શાંતિ મળે છે, જે આત્મવિશ્વાસને જાગૃત કરવા માટે આવશ્યક તત્વ છે.

સંસારના મોટા-મોટા કાર્યો આત્મવિશ્વાસથી જ સંપન્ન થાય છે. પ્રબળ આત્મવિશ્વાસ-સંપન્ન લોકોએ જ સંસારનું નેતૃત્વ કર્યું છે. નવો પ્રકાશ, નવો માર્ગ બતાવનાર પ્રબળ આત્મવિશ્વાસી જ રહ્યા છે. આપણે આત્મવિશ્વાસનું મહત્ત્વ સમજવું જોઈએ અને એના માટે સતત પ્રયત્ન કરતા રહેવું જોઈએ.

**(વાંગ્મય ભાગ-૫૭ પાના નંબર-૨.૭માંથી)**

## અવતાર-પ્રેરણા



ભારતને આજે હું એ મનસ્થિતિમાં જોઈ રહ્યો છું, જેમાં અવતારની આકાંક્ષા હોય છે. એ જરૂરી નથી કે મનુષ્યનો અવતાર થાય. વિચારનો પણ અવતાર થાય છે, બલ્કે કહીશ કે વિચારનો જ અવતાર થાય છે. લોકો સમજે છે કે રામચંદ્ર એક અવતાર હતા, કૃષ્ણ-બુદ્ધ અવતાર હતા. પરંતુ તેઓને આપણે અવતાર બનાવ્યા છે. તેઓ તમારા અને મારા જેવા મનુષ્ય જ હતા. તેમણે એક વિચારનો સંચાર સૃષ્ટિમાં કર્યો અને તેઓ એ વિચારના સાકાર રૂપ બની ગયા, એટલા માટે લોકોએ તેમણે અવતાર માન્યા.

ભગવાન કોઈને કોઈ ગુણ અથવા વિચારના રૂપમાં અવતાર લે છે અને એ ગુણ અથવા વિચારને સાકાર રૂપ આપવામાં જેમનો સૌથી વધારે પરિશ્રમ લાગે છે, તેમને જનતા અવતાર માની લે છે. આ અવતાર મીમાંસા છે.

ખરેખર અવતાર વ્યક્તિનો નહીં, વિચારનો થાય છે અને વિચારના રૂપમાં મનુષ્ય કામ કરે છે. કોઈ યુગમાં સત્યની મહિમા પ્રગટ થઈ, કોઈમાં પ્રેમની, કોઈમાં કરૂણાની તો કોઈમાં વ્યવસ્થાની. આ રીતે જૂદા-જૂદા યુગોમાં જૂદા-જૂદા ગુણોની મહિમા પ્રગટ થઈ છે.

**-મહાત્મા વિનોબા ભાવે**

## આત્મવિશ્વાસની ખૂબ જ શક્તિ સામર્થ્ય

આત્મા અનંત શક્તિઓનો ભંડાર હોય છે. સંસારની એવી કોઈ પણ શક્તિ અને સામર્થ્ય નથી, જે આ ભંડારમાં ન હોય. કેમ ન હોય? આત્મા પરમાત્માનો અંશ જો હોય છે. બધી જ શક્તિઓ, બધુ સામર્થ્ય અને તમામ ગુણ આ પરમાત્મામાં આવે છે. આથી અંશ આત્મામાં પોતાના અંશી( પરમાત્મા )ની વિશેષતાઓ હોવી સ્વાભાવિક છે. આત્મામાં વિશ્વાસ કરવો એટલે પરમાત્મામાં વિશ્વાસ કરી લેવા બરાબર છે, એનો સહારો લઈ લીધો, તો પછી કોઈને કઈ વાતની ઉણપ રહી શકે છે. આવા આસ્તિકની સામે શક્તિઓ-સેવકોની જેમ ઉપસ્થિત રહીને પોતાના ઉપયોગની પ્રતિક્ષા કરતી રહે છે. આત્માનો શક્તિકોશ પોતાની મેળે સ્વયં નથી ખુલતો. તેને ખોલવો પડે છે. આ રહસ્યોદ્ઘાટનની ચાવી છે-સ્વસંકેત અર્થાત્ એવા વિચાર, જેનો સ્વર હોય કે ''હું અમુક કાર્ય કરી શકું છું. મારામાં એને પૂરુ કરવાનું સાહસ છે, ઉત્સાહ છે અને શક્તિ પણ છે. મને પુરુષાર્થથી અનુરાગ છે, ઉદ્યોગ કરવો મારુ પ્રિય વ્યસન છે. વિઘ્ન-બાધાઓથી મને કોઈ ભય નથી, કેમ કે સંઘર્ષને હું જીવનની એક અનિવાર્ય પ્રતિક્રિયા માનું છું. હું મનુષ્ય છું. મારા જીવનનો એક નિશ્ચિત ઉદ્દેશ્ય છે. તેને પૂરૂ કરવામાં તન ,મન અને જીવન લગાવી દઈશ. સફળતા પ્રત્યે આસક્તિ અને અસફળતા પ્રત્યે ભય મારી પ્રકૃતિનો અવયવ નથી.''

**(અખંડ જ્યોતિ મે-૧૯૭૦ પાના નંબર-૨૩માંથી)**

**સફળતાનું સૌથી પહેલું રહસ્ય છે, દરેક પરિસ્થિતિઓ માટે તૈયાર રહેવું.**

**જન્મ શતાબ્દી વર્ષ-૨૦૧૧**

# નિયતિના નિર્ધારણને સમજો, સુઅવસર હાથથી જવા ન દો

**યુગઋષિએ પોતાની કાયા વિસર્જનથી લગભગ છ મહિના પહેલાં (નવેમ્બર ૧૯૮૯માં) એક નાની પુસ્તકના રૂપમાં પોતાનાઓને એક અપીલ પ્રકાશિત કરી હતી. એના મહત્ત્વપૂર્ણ અંશોથી સંકલિત આ લેખ જન્મશતાબ્દી અભિયાનને ગતિશીલ બનાવવામાં લાગેલ પરિજનોમાં નવી ઉર્જાનો સંચાર કરશે, એવો વિશ્વાસ છે.**

## નિયતિનું નિર્ધારણ

નિયતિનું નિર્ધારણ છે કે ઉપદ્રવી ઉન્માદ મોડે સુધી ટકી શકશે નહીં. નદીઓમાં પડનારી ભમરીઓ ખૂબ ભયંકર અને સશક્ત હોય છે, તેના લપેટમાં આવનારા નાવડાઓને પણ ઉલટાવી નાખે છે. તેમ છતાં પણ તેમનું અતિક્રમણ લાંબા સમય સુધી ટકતું નથી. બરફના કરાથી ખેતરોના ખેતરો સાફ થઈ જાય છે. પરંતુ તે પણ તત્કાળ પીગળી જાય છે. કોમી રમખાણો ઉભરાઈ આવે છે, પણ નિયતિના ક્રમ દબાવમાં ગણતરીના સમયમાં સમાપ્ત પણ થઈ જાય છે. વાગવાથી ઘા તો બને છે, પણ શરીર સંરચનાની સાથે જોડાયેલ મહત્વપૂર્ણ તત્વ, તેને ભરવાની તત્કાળ શરૂઆત કરી નાખે છે અને થોડા સમય પછી ત્યાં ચિહ્ન નિશાન જ બાકી રહી જાય છે. વિઘટન વિકૃતિ છે અને સુગઠન નિયતિ.

નિયતિ ઉદ્દંડતાને લાંબા સમય સુધી નથી સહી શકતી. તેને પાછલાં દિવસોમાં ખોડેલી ખાઈઓ અને ઉંચાનીચા ટેકરાઓને સમતલ કરવાની પોતાની સંતુલન વ્યવસ્થાને, આગળના દિવસોમાં જ આ ધરતી પર ઉતારવાનો નિશ્ચય કર્યો છે. નુકસાનનું વર્તમાન સ્વરૂપ અને સંસારનું પ્રસ્તુત વાતાવરણ તેને પસંદ નથી આવતું. પરિણામે અવાંછનીયતાને નિરસ્ત કરવા અને તેના સ્થાને એવું કંઈક બનાવવાના સાધન એકઠા કર્યા છે કે જેને સૌમ્ય સુંદર અને સભ્યતા સુસંસ્કારિતાનું પ્રતીક કહી શકાય. આ જ છે એકવીસમી સદીની રૂપરેખા, જેની સાથે ઉજ્જવળ ભવિષ્યની સુખદ સંભાવનાનો સમન્વય કરવામાં આવી રહ્યો છે. આ ગંગા અવતરણની પુરાતન ઘટનાના સમતુલ્ય છે, જેને સુકાયેલ રણને પણ શસ્ય શ્યામલા બનાવી દીધી હતી. આ સંભાવનાને સતયુગના પુનરાગમનના નામથી પણ રજુ કરવામાં આવી રહી છે.

## માનવીય પુરૂષાર્થ અને દૈવી અનુદાન

સંપન્નતા, શિક્ષા, બલિષ્ઠતા, ચતુરતા જેવી વિશેષતાઓ મનુષ્ય પોતાના બળે અર્જિત તો કરી લે છે, પરંતુ તેનો સદુપયોગ ભાગ્યે જ કોઈનાથી શક્ય બને છે. દુરૂપયોગ કરવા પર તો અમૃત પણ વિષ બની જાય છે. આથી જોવા મળ્યું છે કે આજના કહેવાતા વિશિષ્ઠ લોકો પણ જાણે અજાણે પ્રયુક્ત પુરૂષાર્થ દ્વારા પોતાના અને બીજાઓ માટે સંકટ જ ઉભા કરતા રહે છે. વિશેષતાઓના સદુપયોગનો ક્રમ ન બેસાડી શકવાના કારણે વ્યક્તિઓના અભ્યુદયમાં તો યોગદાન આપી શકતા નથી, પરંતુ સંપર્ક ક્ષેત્રમાં પતન અને પરાભવનો જ પથ-પ્રશસ્ત કરે છે.

દૈવી અનુગ્રહ, પ્રખર પ્રતિભાના રૂપમાં વરદાન બનીને વરસે છે. અથવા આમ કહેવું જોઈએ કે પ્રતિભાશાળી જ દૈવી અનુકમ્પા અને સહાયતાના અધિકારી બને છે. આ દૈવી અનુકંપા બલિષ્ઠતાઓ, સંપદાઓ અને વિભૂતિઓમાં ઉચ્ચ સ્તરની હોય છે. શારીરિક ઓજસ, માનસિક તેજસ અને આત્મિક વર્ચસનો એમાં ત્રિવિધ સમાવેશ હોય છે. જેમાં તે જે પ્રમાણમાં જોવા મળે છે; એનું સ્તર એટલું જ ઉચ્ચસ્તરીય થઈ જાય છે. સંયમ-સાધનાથી જે શક્તિઓ સંચિત થાય છે, એનો ઉપયોગ દેવજનો જેવો જ બની જાય છે. મહામાનવ પોતાનામાં એવી ક્ષમતાઓ રાખે છે કે તેમણે પ્રામાણિક, વિશ્વસ્ત અને નેતૃત્વ કરી શકવામાં સમર્થ માનવામાં આવે છે. પરિણામ સ્વરૂપે તેઓ સ્વયં પણ પ્રકાશથી પ્રકાશિત થતા અને બીજાઓને ઉપર્યુક્ત માર્ગદર્શન આપવામાં સમર્થ સાબિત થાય છે. તેમને ન તો અનુયાયીઓની ઉણપ રહે છે અને ન તો સહયોગીઓની ઉણપ રહે છે.




ચંદન વૃક્ષોની જેમ, પ્રતિભાવાન વ્યક્તિ પોતાના પરિકરમાં પોતાની જેવી જ અન્ય વિભૂતિઓ ઉત્પન્ન કરી લે છે. પરિણામ સ્વરૂપે સર્જન પ્રયોજનોમાં કામ આવનારી પ્રતિભાઓનો અભાવ પણ તેમને ખટકતો નથી અને એ સંકલ્પોને સાકાર કરી દેખાડે છે, જેમના સંબંધમાં આ જ આમ ધારણા રહે છે કે તેમણે કોઈ દેવ માનવ જ સંપન્ન કરી શકશે. સ્વાર્થવશ મનુષ્ય તો માત્ર ક્ષુદ્રતા, દુષ્ટતા અને ભ્રષ્ટતાનો જ પરિચય આપતા જોવામાં આવ્યા છે. જેમનું ચિન્તન, ચરિત્ર, નિયોજન, નિર્ધારણ તથા પરાક્રમ ઉચ્ચસ્તરીય બની ગયા, તેમને નર રૂપમાં નારાયણની અનુકમ્પાના શ્રેયાધિકારી હોવાનું માન આપવામાં આવે છે.

યુગ પરિવર્તનની આ અભૂતપૂર્વ વેળામાં ભગવાન દ્વારા નિયોજિત નિર્ધારણોને પૂરા કરવામાં માત્ર પ્રખર-પ્રતિભાઓ જ સમર્થ હશે. એમના દ્વારા આવા ક્રિયાક્લાપ આગામી દિવસોમાં સંપન્ન થશે, જેમને સાધારણ લોકો પરિસ્થિતિઓને જોતાં અસંભવ જેવું માને છે. વિશ્વ ઈતિહાસ સાક્ષી છે કે પ્રતિભાઓના ચુંબકત્વ એટલું પ્રચંડ હોય છે, કે તેઓ ઈચ્છિત સાધનો અને સહયોગીને ન જાણે ક્યાંથી ખેંચી બોલાવે છે અને એ કામોને સંપન્ન કરે છે, જે સર્વ-સાધારણને અદ્ભુત આશ્ચર્યનજક અને ચમત્કાર જેવા માલુમ પડે છે.

## મોટા કાર્યો માટે સશક્ત પ્રયાસ

આગામી દિવસોમાં મોટા કાર્યો થવા જઈ રહ્યા છે. મોટા આયોજનો આરંભ થવા જઈ રહ્યા છે અને સૌથી મોટી વાત છે કે સમયની પ્રવાહ-ધારાને ઉલટાવીને સીધી કરવાની છે. આ નિયોજન કોઈ સીમિત ક્ષેત્ર અથવા વર્ગનો નહીં, પરંતુ એટલો વિસ્તૃત છે, કે એના આંચળમાં સમાયેલ વિશ્વ-સમુદાયના કરોડો માનવો અને એમની દિશાધારાઓમાં લગભગ આમૂલ-ચુલ સ્તરનું પરિવર્તન પ્રસ્તુત કરી શકાય. આ બધુ દિવ્ય પ્રતિભાઓના પરાક્રમથી જ સંભવ થઈ શકે છે. એના ઉપાર્જન અભિવર્ધન દરેક ઉદાર હૃદયના અને સંયમશીલ માટે સંભવ છે. સમયની આવશ્યકતાને જોતાં પ્રાણવાન શક્તિઓ પોતાને આ જ દિશામાં વિકસિત કરશે અને એ કાર્યોને સંપન્ન કરીને જ રહેશે, જેને આજની ખૂબ જ આવશ્યકતાના નામથી જાણી અને પોકારવામાં આવી રહી છે.

આવા પ્રસંગો પર, યુગ પરિવર્તનના અવસર પર દૈવી સત્તાને પોતાની મુખ્ય ભૂમિકા સંપન્ન કરતા પોતાની જવાબદારી નિભાવતી અનાદિકાળથી જોવામાં આવ્યા છે. અવતાર આ જ પ્રયોજન માટે થતા રહ્યા છે. આ પ્રવાહ-પરિવર્તનના રૂપમાં થાય છે અને એમાં પ્રતિભાશાળીઓની પ્રત્યક્ષ ભૂમિકા કામ કરે છે. અદૃશ્યસત્તા તો માત્ર પ્રેરણાઓ અને ઉમંગો જ પેદા કરે છે. ક્રિયા-પ્રક્રિયા તો માનવ શરીર જ સંપન્ન કરી શકે છે. એમાં ભાવનાશીલ મનસ્વી નર-નારી જ મુખ્ય ભૂમિકા સંપન્ન કરતા રહે છે અને પોતાના નેતૃત્વમાં અનેકાનેક વરિષ્ઠજનોને પોતાના સહયોગી બનાવતા રહે છે.

આ વખતે પણ આવું જ કંઈક થવા જઈ રહ્યું છે. નિયતિએ પોતાનું કામ તેજીથી કરવાનું આરંભ કરી દીધું છે. એના કારણે થનારી સુખદ સંભાવનાઓનો શ્રેય લેવા માટે ઉત્સાહી લોકો વધારે તત્પરતાપૂર્વક આગળ આવી રહ્યા છે. સમર્થ-નૈષ્ઠિક પ્રતિભાઓ એ મહત્ત્વપૂર્ણ કાર્યોની જવાબદારી સંભાળશે. જેને મુક્ત કંઠથી પ્રશંસા અને અનુકરણીય-અભિનંદનીય કહી શકાય.

એકવીસમી સદીની સાથે જોડાયેલ ઉજ્જવળ ભવિષ્યને લોકવ્યવહારમાં અવિચ્છિન્ન રૂપથી સમાવેશ કરવા માટે પણ, આવી જ પ્રતિભાઓને વાસંતી ઉલ્લાસ વિખરી રહ્યા છે, જેને એક શબ્દમાં યુગપુરુષોના પ્રગટીકરણની વેળા જ કહી શકાય. ગાંધી યુગમાં પણ ચમત્કાર કરી દેખાડવા માટે આવું જ નેતૃત્વ વરિષ્ઠજનોએ સર્વસાધારણને પ્રદાન કર્યું હતું. બુદ્ધકાળના ધર્મચક્ર-પ્રવર્તનમાં પણ આવા જ મનસ્વિઓનું સાહસભર્યું પરાક્રમ જોત-જોતામાં સુવિસ્તૃત આ ભુમંડલ પર છવાયું હતું. મહાન પરિવર્તનોમાં લગભગ આવા જ મહામાનવોની ભૂમિકાઓ મુખ્ય રહેતી હોય છે.

## કસોટી પર સાચા ઉતરો

મહાકાલના અનુગ્રહો કેટલા પર ઉતર્યા? કેટલા પ્રસુપ્ત અંતઃકરણ સમયના સાદને સાંભળતાં જ તાણીને ઉભા થઈ ગયા? યુગ દેવતાના વરદાન કેટલા પર વરસ્યું? આવા સૌભાગ્યશાળીઓને શોધવા હોય, તો એમની તપાસનો એક જ માપદંડ હોઈ શકે છે કે કોણે યુગ ધર્મને ઓળખ્યો અને તેને અપનાવવા માટે કયા સ્તરનું ત્યાગ-બલિદાન, શૌર્ય-પરાક્રમ ચરિતાર્થ કરી દેખાડ્યું?

ભગવાનની અનુકમ્પા જો કોઈની પર સાચે જ વરસે, તો એનું એક જ રૂપ દેખાય છે કે તેને ભગવાનના કામમાં મદદ કરી. એની સૃષ્ટિને વધારે સંતુલિત, સમુન્નત, સુંદર અને સુસંસ્કૃત બનાવવા માટે કંઈક કરી દેખાડ્યુ, જેની કિંમત પર ન માત્ર સ્રષ્ટાનું અનુગ્રહ, પરંતુ સૃષ્ટિમાં રહેવાવાળા હર કોઈનો સ્નેહ, સૌજન્ય, સન્માન અનાયાસ જ વરસતો જોઈ શકાય છે.

નેતૃત્વ પોતાનામાં ગૌરવની વાત છે. એના માટે હર કોઈને સહજ લાલસા રહે છે; પરંતુ એવો અવસર કદાચ જ કોઈને મળે છે એ પોતાના સમયનો સુયોગ જ છે કે સ્રષ્ટાની વિધિ-વ્યવસ્થાને પોતાની કૃતિ બતાવવાનું શ્રેષ્ઠ શ્રેય-સૌભાગ્ય મળ્યું છે. આવા અવસરને ઉપેક્ષિત તિરસ્કૃત કરવા અને ગુમાવી બેસનારા વ્યક્તિમાં સમજદારીનો એક કણ પણ નથી, એવું માનવું પડશે. માત્ર નાસમજ જ નાસમજની દોડ દોડે, એવા કુયોગથી બચી શકાય, તે જ બરાબર છે.

વિશ્વ વસુંધરા પર છવાયેલ અનેકાનેક સમસ્યાઓના સમાધાન અને સંકટોના નિરાકરણનો બરાબર આ જ સમય છે. પૌરૂષ અને ગૌરવ પ્રગટ કરવાનો અવસર હંમેશા નથી આવતો. જે સમયની ગરિમાને ઓળખે અને બરાબર સમય પર બરાબર પગલા ભરવાની સમજદારીનું પ્રદર્શન કરી શકે છે. એમને જ સંતોષ, ઉલ્લાસ, આનંદ અને અભિનંદનનો સુયોગ મળે છે. જે ચૂકી જાય છે, એમના માટે પશ્ચાતાપ સિવાય બીજુ કંઈ શેષ રહેતું નથી. ખોવાયેલ અન્ય વસ્તુઓ તો કોઈ પણ પ્રકારે ફરીથી મેળવી પણ શકાય છે. પરંતુ સુયોગની વેળા એવી હોય છે જે ગુમ થઈ ગયા પછી ક્યારેય કોઈ પ્રકારે ફરી કોઈના હાથ લાગતી નથી. આવી ચૂકનું ન તો પરિમાર્જન થઈ શકે છે અને ન તો પ્રાયશ્ચિત થઈ શકે છે.

યુગ સંધિનો વર્તમાન સમય આવો જ છે, જેવો સૃષ્ટિના અનાદિકાળથી લઈને અત્યાર સુધી કદાચ જ આવ્યો હોય અને ભવિષ્યમાં કદાચ જ ક્યારેક આવવાની સંભાવના હશે. એનું કારણ આ જ છે કે ભૂતકાળમાં સમસ્યાઓ આવતી રહી છે અને એનું સમાધાન પણ નિકળતું રહ્યું છે, પરંતુ તે તમામ સામયિક તથા ક્ષેત્રીય હતી. એનાથી સીમિત લોકો જ પ્રભાવિત થતા હતા. પરંતુ આ વખતે એવી વિડમ્બનાઓ સામે આવી છે, જે સમગ્ર સંસારને સમસ્ત માનવ સમુદાયનું ભાગ્ય પરિવર્તનનું પ્રયોજન સાથે લઈને આવી છે.

આ વિકાસ અથવા વિનાશની ચિરસ્થાઈ સંભાવનાઓના સાકાર થવાનો અભૂતપૂર્વ સમય છે. જો વિનાશ આવ્યો, તો એવો થશે કે આ સુંદર ધરતીને ધૂળ બનાવીને અંતરિક્ષમાં ઉડી જવાની ત્રાસદી જ બાકી રહેશે. સાથે જ એ પણ નિશ્ચિત છે કે આ વખતે પરિષ્કાર પોતાનો ચિરસ્થાઈ પ્રભાવ છોડશે. બુદ્ધિમાન સમજવામાં આવતા મનુષ્યને આ પૂરી રીતે, સારી રીતે સમજવું પડશે, કે જો જીવવા અને જીવવા દેવાની સંભાવનામાં અભિરૂચિ હોય, તો એ જ અપનાવવું પડશે. જેને નવેસરથી વિચારવા અને નવા રૂપમાં નિર્ધારિત-વિનિર્મિત કરવામાં આવી રહ્યું છે.

## સુઅવસર હાથથી જવા ન દો

આ એક સુનિશ્ચિત સંભાવના એટલા માટે કહેવામાં આવી રહી છે કે દિવ્ય દૃષ્ટા મનીષીગણ પણ અનાદિકાળથી આવા પરિવર્તનની વાત કહેતા આવ્યા છે. પ્રસ્તુત વેળા કે જેમાં માત્ર એક દશક જ નહી, સદી નહી, સહસ્ત્રાબ્દી બદલાવવા જઈ રહી છે, તમામ ક્ષેત્રના ચિંતકો દ્વારા વિશિષ્ઠ માનવામાં આવી રહી છે. મહાકવિ સૂરદાસથી લઈને ચિકિત્સક ભવિષ્ય વક્તા નોસ્ટ્રાડેમસ સુધી તથા અતીન્દ્રિય ક્ષમતા સંપન્ન પ્રો. હરાર, જીન ડીક્સનથી લઈને મહર્ષિ અરવિંદ સુધી પણ આ સંભાવના વ્યક્ત કરતા આવ્યા છે કે આ યુગ પરિવર્તનની વેળા છે, એક વિશિષ્ઠ અવસર છે. આને તો કોઈ પણ હાલમાં ચુકવાનો નથી.

આ દિવસોમાં કોને, કેવી રીતે ક્યાં શુ કરવું જોઈએ? આ પ્રશ્નોનો ઉત્તર એક ઉદાહરણથી આ રીતે સમજી-સમજાવી શકાય છે કે સૈનિકોના સ્થાન, કાર્ય, શસ્ત્રો અને મોર્ચા પરિસ્થિતિઓની માંગ અનુસાર બદલાતા રહે છે, પરંતુ તેનું લક્ષ્ય, દૃષ્ટિકોણ અને કર્તવ્યની સ્થિતિ હંમેશા એક સમાન બની રહે છે. તેમના માટે રાષ્ટ્રની સુરક્ષા જ સર્વસ્વ હોય છે અને સુવિધા, શરીર, પરિવાર, ભવિષ્ય વગેરે ગૌણ બની જાય છે. તેઓ લક્ષ્ય પર અવિચલ રહે છે અને આવશ્યકતાનુસાર પ્રાણથી લઈને પરિવારને પણ દાવ પર લગાવી દે છે.

ઠીક આ પ્રકારે જેમને યુગ નેતૃત્વના અનુરૂપ ઉચ્ચ સ્તરીય પ્રતિભાથી સંપન્ન બનવું હોય, તેમને અન્ય બધી આકાંક્ષાઓ અને સુવિધાઓની તુલનામાં નવસર્જનની અનુરૂપ યોગ્યતા સંવર્ધન અને કર્તવ્યનિષ્ઠાને નિરંતર વિકસિત કરતા રહેવું જોઈએ અને વ્યક્તિત્વને એ સ્તરનું બનાવી લેવું જોઈએ કે કથની અને કરણીમાં એકતા રહેવાના કારણે હરકોઈની પર અનુકરણની છાપ પડી શકે. સંસારને શુ બનવાનું છે યા તો શુ બનાવવાનો છે એનું પ્રથમ ઉદાહરણ પોતાની જાતને તદઅનુરૂપ બનાવીને પ્રસ્તુત કરવી જોઈએ. બીબાના અનુરૂપ રમકડા અથવા પૂર્જા ઢળાતા જાય છે. આપણે જેવા બનીશું, ઠીક એને અનુરૂપ જ સાથી અથવા સહયોગી બનાવી શકીશું. ✡

# રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞો દ્વારા સર્જન સૈનીકોની સક્રિયતા વધી

## પંચમહાલ જીલ્લા ગાયત્રી સંગઠન દ્વારા આયોજીત રાષ્ટ્ર જાગરણ દીપ મહાયજ્ઞ

**ગોધરા (પંચમહાલ)**

પંચમહાલ જીલ્લા ગાયત્રી પરિવાર સંગઠન દ્વારા ગોધરા મુકામે, તા-૩ થી ૫ ડીસેમ્બર ૨૦૧૦ દરમ્યાન રાષ્ટ્ર જાગરણ દીપ મહાયજ્ઞ સંપન્ન થયો. તા- ૩ ડીસેમ્બરે બપોરે ૩ કલાકે ગાયત્રી શક્તિપીઠ ગોધરા શુક્લ સોસાયટીથી રાષ્ટ્ર જાગરણ શોભાયાત્રા કાઢવામાં આવી હતી, જીલ્લા સંયોજક શ્રી રામજીભાઈ ગરાસીયાજીએ પીળી ધ્વજા ફરકાવીને શોભાયાત્રાને રવાના કરી હતી. શોભાયાત્રા નગર પ્રદક્ષીણા કરીને સાંજના ૫.૩૦ કલાકે સભા મંડપમાં પરત ફરી, જ્યાં પુષ્પ વર્ષાથી શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ યુગ સાહિત્ય પ્રદર્શનીનું શાંતિકુંજના સંતો દ્વારા દીપ પ્રગટાવીને ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. શાંતિકુંજની ટોળીનું ભારતીય સંસ્કૃતિ મુજબ સ્વાગત કરવામાં આવ્યું. સાંજે ૫.૩૦ થી ૬.૩૦ દરમ્યાન યુગ સંગીત તથા પ્રવચન સંપન્ન થયું. શાંતિપાઠ સાથે પ્રથમ દિવસના કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.



દીપયજ્ઞમાં ભાગ લઈ રહેલ ભાઈ-બહેન

તા-૪ ડીસેમ્બરના રોજ પ્રાતઃ ૬ કલાકે દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયની ભૂતપૂર્વ વિદ્યાર્થીની ડૉ. રજની મકવાણા દ્વારા યોગ તથા વ્યાયામ પ્રાણાયામનો કાર્યક્રમ સંપન્ન થયો. સવારે ૮ થી ૧૧ દરમ્યાન જન્મ દિવસ, યજ્ઞોપવિત, વિદ્યારંભ સંસ્કાર, પુસંવન જેવા વિવિધ ૨૪ સંસ્કારો સંપન્ન થયા. સંસ્કારોનું સંચાલન શાંતિકુંજના ટોળી સહનાયકશ્રી બલદેવભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા કરવામાં આવ્યું. બપોરે ૨ થી ૩ કલાક દરમ્યાન વૈકલ્પિક ચિકિત્સા પરામર્શ ડૉ. રજની મકવાણા દ્વારા સંપન્ન થયું. બપોરે ૩ થી ૫ દરમ્યાન પંચમહાલ જીલ્લાના કાર્યકર્તાની ગોષ્ઠી સંપન્ન થઈ, ગોષ્ઠીનું સંચાલન આદ. શ્રી દિનેશ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું. ગોષ્ઠીમાં આદ. શ્રી દિનેશભાઈ વ્યાસ સાહેબે જન્મ શતાબ્દીના વિવિધ કાર્યક્રમોની છણાવટ કરી સમયદાન અંશદાન પર વિશેષ ભાર ભુકવામાં આવ્યો. સાંજે ૫ થી ૭ દરમ્યાન યુગ સંગીત તથા પ્રવચન કરીને બીજા દિવસના કાર્યક્રમનું સમાપન જાહેર કરવામાં આવ્યો.

તા-૫ ડીસેમ્બરના રોજ યોગ-પ્રાણાયામના કાર્યક્રમ બાદ વિવિધ સંસ્કારો સંપન્ન કરાવવામાં આવ્યા. ગોધરા નગરના ભુરાવાવ વિસ્તારમાં ૧૨૪ ઘરોમાં એક સાથે સમુહમાં યજ્ઞ સંસ્કાર સંપન્ન થયા. પંચમહાલ જીલ્લાના પરિજનો દ્વારા યજ્ઞો દ્વારા ગુરૂ જન્મશતાબ્દીનો સંદેશ પહોંચતો થયો. પંચમહાલ જીલ્લાના વિવિધ પરિજનો દ્વારા ઘરે ઘર સ્ટીકર અભિયાન ચલાવવામાં આવ્યું. સાંજે ૪ થી ૭ દરમ્યાન રાષ્ટ્ર જાગરણ ૧૦૮ વેદિય દીપયજ્ઞ સંપન્ન થયા. અધિક જીલ્લા કલેક્ટર આદ. પ્રફુલ્લાબેન જાડેજા દ્વારા દીપ પ્રગટાવીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. રાષ્ટ્ર જાગરણ દીપ મહાયજ્ઞમાં નગરના તમામ બુદ્ધિજીવીઓ જેવા કે ડૉક્ટરો, વકીલો, એન્જીનિયરો તેમજ વિવિધ સંસ્થાઓના વડાઓએ હાજરી આપી કાર્યક્રમને શોભાવ્યો હતો. કાર્યક્રમના અંતમાં યજમાનો પાસે સંકલ્પો લેવડાવવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન રૂ. ૨૭૦૦૦ ના સાહિત્યનું વેચાણ થયું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે પંચમહાલ જીલ્લાના તથા શહેરના પરિજનોનો વિશેષ સહયોગ રહ્યો હતો. ✡

## વાંચે ગુજરાત ગ્રંથયાત્રાનું કરવામાં આવ્યું સ્વાગત

**આડેસર (કચ્છ)**

આડેસર ખાતે તા-૨ ડીસેમ્બર,૨૦૧૦ના રોજ 'વાંચે ગુજરાત' ગ્રંથયાત્રા ઉત્તર બુનિયાદી વિદ્યાલય, આડેસર તથા ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલય, આડેસર દ્વારા ગામમાં 'ગ્રંથયાત્રા'નું આયોજન વિવિધ વિષયના પુસ્તકો રાખી કરવામાં આવ્યું હતું. જન જાગૃતિ લાવવા માટે યોજવામાં આવેલ આ ગ્રંથયાત્રામાં વિદ્યાર્થીઓ દ્વારા સદ્‌સાહિત્યના નારા લગાવવામાં આવ્યા હતા. ગ્રંથયાત્રાનું સ્વાગત સ્થાનીક ગાયત્રી પરિવાર શાખા દ્વારા કરવામાં આવ્યું હતું. ઉત્તર બુનિયાદી વિદ્યાલયના આચાર્ય શ્રી ચંદુભાઈ વરમોરા અને ઉ.મા. વિદ્યાલયના આચાર્ય શ્રી રમેશભાઈ ચૌધરીનું સ્વાગત ગાયત્રી પરિવાર દ્વારા પુસ્તકોના હાર અને સત્સંકલ્પ દ્વારા કરવામાં આવ્યું હતું.




બંન્ને સ્કૂલોને એક-એક સત્સંકલ્પ તથા છાત્રોપયોગી પુસ્તક માળાનો એક-એક સેટ વિદ્યાર્થીઓને વાંચન માટે ભેટ આપવામાં આવ્યો હતો. જે વિદ્યાર્થીઓએ ૨૫થી વધું પુસ્તકોનું વાંચન કર્યુ હતુ તેમને વિદ્યાર્થીઓને હિંમત ન હારો અને સફળ જીવનની દિશાધારા પુસ્તકો ભેટ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં મદદનીશ શીક્ષકો, વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ વાલી મીત્રોએ હાજરી આપી હતી. ✡

## જન્માષ્ટમીના પાવન પર્વ પર ૧૨ શીવલીંગનું હરિદ્વાર શાંતિકુંજમાં પ્રસ્થાન

ગાયત્રી પરિવાર નાશીકમાં તા-૨ સપ્ટેમ્બર જન્માષ્ટમીના પાવન દિવસે આદરણીય શ્રી શરદ પારધીની ઉપસ્થિતીમાં ૧૨ શીવલિંગ શાંતિકુંજને અર્પણ કરવામાં આવ્યા હતા. શીવલિંગ પૂજન મા. શ્રી કે. સી પાંડેયજીના માતાજી શ્રીમતી શાંતિબેન પાંડે તથા ઘનશ્યામ સત્યનારાયણ પાઠકજીએ કર્યુ હતું. આ શીવલીંગ નર્મદા નદીની બાજુમાં ભકામા ગામ- ૐ કારેશ્વરની બાજુમાંથી સ્વયં ભૂ નીકળે છે. આ શીવલિંગ ભારતની અલગ અલગ શક્તિપીઠ માટે મહાકાલ સ્વરૂપે સ્થાપિત થશે.



નાશીક ત્ર્યંબકેશ્વરમાં ગાયત્રી શક્તિપીઠ બની રહી છે, જેનું નિર્માણ મા. શ્રી ઝાંપીદાદી કરી રહ્યા છે. જેમાં યજ્ઞશાળા, સત્સંગ હોલ અને રહેવાની વ્યવસ્થા બનાવવામાં આવી રહી છે. શક્તિપીઠ નાશીક ગાયત્રી પરિવારને સમર્પિત કરવાની મા.શ્રી ઝાંપીદાદીએ ઘોષણા કરી છે. પૂજન વિધિબાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં લગભગ ૩૦૦ પરિજનોએ ભાગ લીધો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા માટે નાશીકના શ્રી અમૃતભાઈ પટેલ, શ્રી જયંતીભાઈ નાચી, શ્રી કાન્તીભાઈ પટેલ, શ્રી ત્રિભોવન ભાઈ પટેલ, જીવણભાઈ રાઠોડ સોનવણજી, સીડકો શાખા, પંચવટીશાખા, ઓજર શાખા, ઈન્દીરાનગર શાખા, મહિલા મંડળ સૌનુ યોગદાન રહ્યુ હતું. ✡

## જન્મ શતાબ્દી વર્ષ અંતર્ગત જામનગર જિલ્લાનું ચિંતન, મનન, મંથન

**જામનગર (ગુજરાત)**

શાંતિકુંજથી મળેલા સંદેશને જામનગર શહેરના ભાઈઓ, બહેનો સુધી પહોંચાડવા માટે ઉપઝોનના પ્રતિનિધી દ્વારા મિટીંગ બોલાવી હતી જેમાં હાજર રહેલા ભાઈ-બહેનોએ અનેરો ઉત્સાહ બતાવ્યો હતો.

યોજાયેલ મિટીંગમાં વ્યક્તિ નિર્માણ, સંગઠન, અંશદાન અને સમયદાન જેવા મુદ્દાઓ પર છણાવટ કરવામાં આવી હતી. જેમાં મહિલા મંડળના પ્રતિનિધિશ્રીઓએ શ્રેષ્ઠ પ્રતિભાવ આપ્યો અને ઉત્સાહથી કહ્યું કે જામનગર જીલ્લો ૨૫ લાખથી ૫૧ લાખ સુધી અંશદાન આપશે. વધુમાં વધું સમયદાની શાંતિકુંજ માટે તૈયાર કરીશું.

જામનગર ઉપઝોનના બીજા જીલ્લા રાજકોટ ખાતે તા- ૨ ઓક્ટોમ્બર, ૨૦૧૦ના રોજ શ્રી જે.જે. યાદવ સાહેબના સહયોગથી રાજકોટ શહેરની મિટીંગ વૈશાલીનગર ગાયત્રી શક્તિપીઠ ખાતે બોલાવવામાં આવી હતી. જેમાં રાજકોટના ૩૦ બહેનો અને ભાઈઓ દ્વારા અંશદાન, સમયદાનના સંકલ્પ ઉભર્યા.

ઉપઝોનના ત્રીજા જીલ્લા સુરેન્દ્રનગર શક્તિપીઠના વડિલો દ્વારા તા-૨૪ ઓક્ટોમ્બર,૨૦૧૦ના રોજ જીલ્લા સ્તરીય મિટીંગ ગોઠવવામાં આવી. જેમાં શ્રી કનુભાઈ પટેલે રૂ. ૧૧૧૧૧/- તથા બહેનોએ પોતાના પગાર-પેન્શન આપવાનો ઉત્સાહ દાખવ્યો. ધ્રાંગધ્રાના પરિજન પ્રકાશબાએ અનન્ય ઉત્સાહવર્ધક જાહેરાત કરી કે 'સ્ત્રીનું સ્ત્રીધન સ્ત્રની માલિકીની જ છે. તેથી મારા હાથમાં પહેરેલી સોનાની ચાર બંગડીમાંથી એક બંગડી અંકે ૨૧,૦૦૦/- આપીશ.' જયેશભાઈએ પોતાનું ૩૬,૦૦૦/-(એક માસનું વેતન) આપવા અને શ્રી ઘનશ્યામભાઈએ પોતાની ધર્મપત્નિની સ્મૃતિમાં ૧૧,૦૦૦/- જાહેર કર્યા. ચૂડા, હળવદ અને લિંબડીના પરિજનોએ ઉત્સાહવર્ધક અંશદાન નોંધાવ્યું. સુરેન્દ્રનગર જીલ્લાના સક્રિય કાર્યકર્તાઓ સંગઠન અને સમયદાન માટે ઉત્સાહજનક પ્રતિભાવ આપ્યો.

જામનગર જીલ્લામાં તાલુકાઓના ચિંતન, મનન અને મંથન માટે અનેક મિટીંગોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકા ભાણવડ મુકામે યોજાયેલ મિટીંગમાં લાલપુર, ગીંગણી, જામજોધપુર, કાલાવાડ તાલુકાઓના વરિષ્ઠ પરિજનોએ હાજરી આપી. **ભાણવડ**ના પ્રમુખશ્રી કેશુભાઈ તથા રમણકભાઇ નકુમે પોતાના તાલુકાઓની જાહેરાત કરી કે પચ્ચીસ સમયદાની ભાઈઓ અને ૧૮ બહેનો એક માસ સમયદાન આપશે તથા પાંચ લાખ અનુદાન માટે મહેનત કરીશું.

**જામજોધપુર** શ્રી જાનીભાઈ તથા વિરજીભાઈની ટીમ દ્વારા જાહેરાત થઈ કે મહિલા પાંખ દ્વારા શ્રીમતી અનુબહેન સાપરીયા દ્વારા ગામડાઓનું સંકલન કરીને જ્ઞાનઘટના માધ્યમથી ૧ લાખની રકમ તૈયાર રાખી છે. ભાઈઓએ તાલુકાઓના સહયોગથી બીજા ૪ લાખ અનુદાન આપવા ઉત્સાહ બતાવ્યો અને ૨૫ ભાઈઓ, બહેનોની ટીમ સમયદાન આપવા ઉત્સાહ દાખવ્યો.

**ગીંગણી** તાલુકાના સંકલ્પોમાં પોતાના ૫૦ યુવાનો તથા ૧૮ બહેનોને એક માસ સમયદાન માટે આવવા જાહેરાત કરી.

**કાલાવાડ** વિદ્યા વિસ્તાર દીપયજ્ઞનું અધુરૂ કામ પુરૂ કરી અને ૫ લાખ અંશદાન અને ૧૫ બહેનો તથા ૫ ભાઈઓ સમયદાન આપવા માટે તૈયાર થયા.

**જામખંભાળીયા** ૫ લાખ અનુદાન તથા સમયદાની કાર્યકર્તા આપવાની જાહેરાત નિર્મળા બહેન ગોકાણી તથા કાંતીભાઈ નકુમ દ્વારા થઈ. મહિલા મંડળના માધ્યમથી પુસ્તક મેળો કરવાની તથા સહયોગ દેવાની ઈચ્છા વ્યક્ત કરી.

**ભાણવડ** ના સુભાષભાઈ કણઝારીયા શાક વહેંચે છે અને શાકની લારીમાં યુગ સાહિત્યનું ઝોલા પુસ્તકાલય તરીકે કામ કરે છે. ૩૦ બાળકોનું બાળ કેન્દ્ર પણ ચલાવવામાં આવે છે. ✡

# કેરલમાં લખવામાં આવ્યો ક્રાંતિનો નવો અધ્યાય

## તિરુવનંતપુરમમાં પ્રથમ વાર યોજાયો ૧૦૮ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ

એકવીસમી સદીમાં દક્ષિણ ઝોનના સશક્ત સંગઠને મિશનને દક્ષિણી પ્રદેશોમાં પહોંચાડવા માટે યોજનાબદ્ધ





અને સફળ પ્રયાસો કર્યા છે. છેલ્લા ૮-૧૦ વર્ષોમાં આંધ્ર પ્રદેશ અને તામિલનાડુમાં મિશનનો ખૂબ વિસ્તાર થયો. જન્મ શતાબ્દીની પૂર્વ વેળાએ કેરલમાં યુગચેતનાને વિસ્તાર આપવા માટે વિશેષ પ્રયાસો થયા અને સારી એવી સફળતા પણ મળી. આ અંતર્ગત પહેલા કોચ્ચિ અને હવે તિરુવનંતપુરમમાં પ્રાણવાન પ્રયાજથી મિશનના વ્યાપક વિસ્તાર બાદ તા-૨૪ થી ૨૬ ડિસેમ્બર ૨૦૧૦ની તારીખોમાં ૧૦૮ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ સંપન્ન થયો. આદ. ડૉ. પ્રણવ પંડ્યાજીની સાથે દક્ષિણી પ્રદેશોમાં સક્રિય શાંતિકુંજની વિશાળ ટોળીએ કાર્યક્રમનું હૃદયસ્પર્શી સંચાલન કર્યુ.

### છવાયો વાસંતી ઉલ્લાસ

તિરુવનંતપુરમમાં વિશાળ કલશ યાત્રા કાઢવામાં આવી. ભગવાન પદ્મનાભ સ્વામી, ભારત માતા, અટ્ટુકલ દેવી અને ઋષિઓ સાથે વેદમાતા અને ઋષિયુગ્મની ૧૦ મનોરમ પ્રદર્શનીઓનો આમાં સમાવેશ કરવામાં આવ્યો. આ ઉપરાંત સ્થાનીય વાદ્યયંત્રોનું મંડળ કુચ્ચીપુડી નૃત્ય કરતાં ચાલી રહ્યું હતું.

વિચાર ક્રાંતિની શતાબ્દી
૧૯૧૧-૨૦૧૧

લગભગ ૫૫૦ મલિયાલી અને ૨૦૦ હિંદી ભાષી બહેનોએ પોતાના માથા પર એ શક્તિ કળશોને ધારણ કર્યા હતા, આ શક્તિ કળશોની સામે તેમણે પોતાના ઘરોમાં પૂજા, પ્રાર્થના, અનુષ્ઠાન કર્યા હતા તેમજ દૈનિક અંશદાન કાઢ્યું હતું. તમામ બહેનો પીળી સાડીમાં હતી. આ સાડીઓ તેઓને કળશ સ્થાપના દરમ્યાન ગાયત્રી પરિવાર તરફથી ભેંટ આપવામાં આવી હતી.

આ શોભા યાત્રા કલ્યાણ મંડપથી શરૂ થઈને એસપી ફોર્ટ, ગણેશ મંદિર, ગાંધી પાર્ક, મનકડ જાક્સન થતાં ૪ કિમીની યાત્રા કરતા યજ્ઞ સ્થળ અટ્ટુકલ મંદિરે પહોંચી હતી.

આદ. ડૉ. પ્રણવ પંડ્યાજીએ સ્વયં આ કળશ યાત્રાનું સ્વાગત કરતાં દક્ષિણની દેવિઓના આધ્યાત્મિક પુરૂષાર્થનું ભાવભર્યુ અભિનંદન કર્યુ. તેઓ એરપોર્ટથી સીધા યજ્ઞશાળા પહોંચ્યા. તેમણે પોતાનો સંદેશ મલયાલી દુભાષિયા ભાઈ શ્રી જ્યોતિષજીના સહયોગથી આપ્યો.

### આદરણીય ડૉ. સાહેબે કહ્યું

કળશ યાત્રામાં જોવા મળી રહેલ આ સર્જનાત્મક ઉત્સાહ કાર્યક્રમની સફળતાનો સૂચક છે. આ અભિયાનમાં નારિઓની સહભાગિતા મંગલ સૂચક છે. આ પ્રદેશની સુશિક્ષિત બહેનોએ પોતાના પ્રદેશની કાયાકલ્પ કરતાં દેશની સામે એક આદર્શ રજુ કર્યુ છે. હવે ગાયત્રી ઉપાસના તેમનામાં નવી સ્ફુરણા જગાવશે. તેઓને વિદ્યાવાન બનાવશે. જ્યાં વિદ્યા છે, ત્યાં વિવેક છે, સંસ્કાર છે, સાહસ છે, બીજાઓના હિતની ભાવના છે. પરમ પૂજ્ય ગુરૂદેવ-પરમ વંદનીયા માતાજીના વિચારો અને ભાવ પ્રવાહથી જોડાઈને અહીંના પરિજન સમાજને સંસ્કારવાન પેઢી આપશે.

### સાંસ્કૃતિક કાર્યક્રમ

આયોજકોએ સ્થાનીય જનમાનસમાં પોતાની સાંસ્કૃતિક નિષ્ઠા જગાવવા માટે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કર્યુ હતું. મલયાલી નૃત્ય નાટિકા, રાજસ્થાની નૃત્ય, ગુજરાતી ગરબા રજુ કર્યા. ડૉ. બૃજમોહન ગૌડજીની યુગ નિર્માણ વ્યાખ્યાઓ અને સર્વશ્રી ફૂલસિંહ, તોષણ સાહૂ, શંકર, શેખર, રવિન્દ્રએ પોતાના ભાવભર્યા પજ્ઞાગીતો અને સંગીતથી લોક ભાવનાને પ્રભાવિત કરી દીધી. મલયાલી પ્રજ્ઞાગીતોના જોરદાર પ્રભાવથી શ્રદ્ધાળુઓ ગદ્ગદ્ થઈ ગયા. તેમની કરતલ ધ્વનિ અને ગીતની પંક્તિઓ દોહરાવવાના ક્રમથી આ સ્પષ્ટ દેખાતુ હતું.

### યજ્ઞ-દીક્ષા સંસ્કાર

તિરૂવનંતપુરમનો ૧૦૮ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ વિશાળ વોટર પ્રૂફ ટેંટમાં સંપન્ન થયો. સર્વશ્રી ઉમેશ શર્મા, તોષન સાહૂ, પરમાનંદ દ્વિવેદી, શ્રીમતી પ્રશાંતી શર્માએ અશ્વમેધિક શૈલીમાં આનું સંચાલન કર્યુ. શ્રી જ્યોતિષ અને શ્રી લાજપત રાજન યજ્ઞની ટિપ્પણીઓનું મલયાલી ભાષામાં અનુવાદ કરતા રહ્યા.

દેવ પૂજન એન યજ્ઞની વચ્ચે મંડપમાં હાજર ૪૦૦ શ્રદ્ધાળુઓએ દીક્ષા લીધી. આદ. ડૉ. પ્રણવજીએ તેઓને સદ્ગુરૂની મહત્તા અને ગાયત્રી ઉપાસનાનાનું વિધિ-વિધાન બતાવી કર્મકાંડ સંપન્ન કરાવ્યુ એ દરમ્યાન પૂજ્ય ગુરૂદેવ-વંદનીય માતાજીના પ્યાર-અનુદાનના સંસ્મરણોએ દીક્ષા લઈ રહેલ લોકોને રોમાંચિત કરી દીધા. પરંપરાગત રૂઢિઓથી હટીને ગાયત્રી પરિવારની સરલતા, સમરસતા અને માનવમાત્ર એક સમાનની ભાવનાની અનુભૂતિઓથી તેઓ પોતાને ધન્ય અનુભવ કરી રહ્યા હતા.

**દીપ મહાયજ્ઞ :** તિરૂવનંતપુરમમાં આટલા ભવ્ય અને દિવ્ય દીપ મહાયજ્ઞ પહેલી વાર સંપન્ન થઈ રહ્યા હતા. સતયુગી સંકલ્પોની સાથે મનાવવામાં આવી રહેલ આ દીવાળીમાં ૫૦૦૦ દીવડાઓ પ્રગટાવવામાં આવ્યા હતા. આ દિવડાઓ તમામ કુંડો પર અને સ્વસ્તિક આકાર, ૐ આકાર, મશાલના આકારમાં સજાવવામાં આવેલા પ્રજ્વલિત દીપ અપૂર્વ ઉલ્લાસ અને સંકલ્પોનો સંચાર કરી રહ્યા હતા.

આદ. ડૉ. સાહેબે પોતાના સંદેશમાં જણાવ્યુ કે ભગવાન પદ્મનાભ અને માં અટ્ટુકલીની આ ભૂમિ ખૂબજ પ્રાણવાન છે. જરૂરત છે તો અહીની દિવ્યતાને અને જન આસ્થાને સમયોચિત દિશા આપી તેને સમાજહિતમાં નિયોજીત કરવાની. જે દિવસે પરમ પૂજ્ય ગુરૂદેવના ક્રાંતિકારી વિચાર અહીંના ઘરે-ઘરમાં પહોંચી જશે, લોકોને અધ્યાત્મનો નવો અર્થ સમજમાં આવી જશે. માન્યતાઓ અને પરંપરાઓ પરિષ્કૃત થઈ જશે. આ દિવસોમાં આખુ વિશ્વ ગાયત્રી ઉપાસક બનતું જઈ રહ્યું છે. સતયુગી સંકલ્પોને સાકાર કરવામાં, પ્રજ્ઞાયુગના અવતરણમાં અહીંના પુરૂષાર્થી અને સ્વાભિમાની મહાનુભાવોનું મહાન યોગદાન હશે.

દીપયજ્ઞના અવસર પર આસ્તિકતા, આધ્યાત્મિકતા અને ધાર્મિકતાનું વિવેચન કરતાં ગાયત્રી મંત્રનો અર્થ સમજાવવામાં આવ્યો. ગાયત્રીની પ્રેરણાના નવ સૂત્રો બતાવતાં તેને જીવનમાં ધારણ કરવા માટે આહ્વાન કરવામાં આવ્યું.




### પૂર્ણાહુતિ

તા ૨૬ ડિસેમ્બર, રવિવારના રોજ કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી. સંપૂર્ણ કાર્યક્રમથી પ્રભાવિત અપાર જનમાનસે આમાં ભાગીદારી નોંધાવી. આ અવસર પર મંચ ઉપર ઋષિયુગ્મની ચરણ પાદુકાઓ પ્રતિષ્ઠિત કરવામાં આવી. દરેકે લાઈનમાં ઉભા રહીને તેમના દર્શન-પ્રણામ કરી, ધન્યતા અનુભવી. અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો કે દક્ષિણમાં તમામ વ્યક્તિને મંચ સુધી આવવાની અને ગર્ભગૃહના દર્શન કરવાની છૂટ નથી મળતી, પરંતુ ગાયત્રી પરિવારે આ અનુપમ સૌભાગ્ય તેઓને આપ્યું. પૂર્ણાહુતિ પછી શ્રદ્ધાળુઓ ભોજન પ્રસાદ અને જ્ઞાન પ્રસાદ મેળવી પોત-પોતાના ગંતવ્ય સ્થળે રવાના થયા.

### કાર્યક્રમની પૃષ્ટભૂમિ

ઐતિહાસિક ભગવાન પદ્મનાભના મંદિરની નજીકમાં માં દુર્ગા સ્થાન 'અટ્ટુકલ મંદિર'ના આંગણે આ કાર્યક્રમ રાજસ્થાની મૂળના શ્રી પ્રભૂદાનજી અને શ્રી દીન દયાલજી, તમિલ પરિજન શ્રી જ્યોતિષજી - સોફ્ટવેઅર એંજીનિયર, ત્રિચૂરની સુમતિ અમ્મા, લાજપત રાજા અને તેમના સાથિઓના સંકલ્પ અને સક્રિયતાથી સંપન્ન થયો. દક્ષિણમાં સક્રિય જોન પ્રભારી ડૉ. બૃજમોહન ગૌડ અને તેમના સાથિઓએ યોજનાબદ્ધ પ્રયાજથી જ્ઞાનગંગાને મલયાલી લોકો સુધી પહોંચાડતા કાર્યક્રમની સફળતા સુનિશ્ચિત કરી.

**પ્રયાજમાં થયા વિશેષ પ્રયોગ :** તિરુવનંતપુરમના ૧૦૮ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનો પ્રયાજ કેટલાય મહીના સુધી ચાલ્યો. મલિયાલી લોકોને મિશન સાથે જોડવા માટે વિશેષ યોજના બનાવવામાં આવી. નવા ઘરોમાં કલશ સ્થાપના અને દેવ સ્થાપના કરવામાં આવી. જેની સામે તેઓ પૂજા, પ્રાર્થના, જપ, તપ તો કરતા જ હતા, નિયમિત અંશદાન અને અન્નદાન પણ કરતા હતા. આની સાથે એક પીળી સાડી પણ બહેનોને નિ:શુલ્ક આપવામાં આવી. તેઓ પોતાના અન્નઘટ લઈને આ પીળી સાડી પોરીને મહાયજ્ઞની મંગલ કલશ યાત્રામાં જોડાઈ. ૩૦૦ મલયાલી અને ૨૦૦ હિંદી ભાષી પરિજનોના ઘરે આ શક્તિ કળશ-અન્નઘટની સ્થાપના કરવામાં આવી હતી.

શ્રી અશ્વિની સુબ્બારાવે (હૈદ.) આ ક્ષેત્રમાં પ્રચાર-પ્રસાર માટે પોતાના બોલેરો વાહન પર સજાવવામાં આવેલ જ્ઞાનરથ ૬ મહિના માટે કેરલ ક્ષેત્રને પ્રદાન કર્યો હતો. વર્ષ દરમ્યાન ઘરે-ઘર દીપયજ્ઞ, યજ્ઞ, સંસ્કારાદિ કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યા.

### વિશેષ ઉલ્લેખનીય વાતો

- માં અટ્ટુકલી મંદિરમાં બલિ પ્રથા બંધ કરી તેના સ્થાને ફટાકડાં ફોડવાની પરંપરા ચાલી નીકળી છે. આખા કાર્યક્રમમાં આ ફટાકડાઓની ધ્વની ગૂંજતી રહી.
- શ્રી અશ્વિની સુબ્બારાવજીના સૌજન્યથી સંપૂર્ણ મલયાલી સાહિત્ય બ્રહ્મભોજમાં ઉપલબ્ધ હતું. આ યોજનામાં ૩૦ હજાર રૂપિયાનું સાહિત્ય વેંચાયું.
- કાર્યક્રમની સફળતામાં બેંગલોરના ત્યાગીજી, એનકેપી સિંહ, લખનૌના ગુપ્તાજી, ગુજરાત, ચેન્નઈ, રાજસ્થાનના માહેશ્વરી, રાજપુરોહિત, ચૌધરી, કુમાવત વગેરે સંગઠનોએ વિશેષ ભૂમિકા નિભાવી હતી.
- દીપયજ્ઞમાં કેરલા શિવસેના પ્રમુખ શ્રી એમએસ ભુવનચંદ્ર, ગણેશ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી એસ કુમાર, ગુજરાતી સમાજના સચિવ શ્રી અરુણ ભાઈ, મરાઠી સમાજના પ્રમુખ શ્રી બાબુજી, સંસ્કાર ભારતીના પ્રો. શિવનજી, કેરલા કોર્પોરેશન ડાયરેક્ટર શ્રી કેએમ નાયર સાથે કેટલાય ગણમાન્યો અને સમાજના પ્રમુખોએ ભાગ લીધો.
- દીપયજ્ઞના અવસર પર પાંચ મલયાલી અને ૧૨ તમિલ પુસ્તકોનું વિમોચન થયું.

### કાર્યકર્તા બેઠક

યજ્ઞોપરાંત કાર્યકર્તા બેઠક થઈ. ૨૦ ઉપઝોન કેન્દ્રોના ૧૦૦ કાર્યકર્તા અને ૧૫૦ સ્થાનીય કાર્યકર્તા આમાં જોડાયા. સૌથી પહેલા ગુરૂસત્તાના માર્મિક અનુરોધ'પોતાના અંગ-અવયવોને'નું વાંચન થયું. આદ. ડૉ. સાહેબે ક્રાંતિનો નવિન અધ્યાય લખવા માટે ઉત્સાહિત થયેલા સૂદૂર ક્ષેત્રના હનુમાનોને સાધુવાદ આપ્યા. તેમણે જન્મ શતાબ્દી વર્ષના સમસ્ત કાર્યક્રમોની જાણકારી આપવાની સાથે જન્મ શતાબ્દી કાર્યક્રમો માટે



પુસ્તકોનું અનુવાદ, પ્રકાશન, અખંડ જ્યોતિ પ્રકાશન, વિતરણ વગેરેનો કાર્યભાર સંભાળવાનું આહ્વાન કર્યુ.

અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે દક્ષિણી ભારતે આગામી નવેમ્બરમાં હરિદ્વારમાં થઈ રહેલ પૂર્ણાહુતિ માટે બે કરોડ રૂપિયાનું અનુદાન આપવા અને એક ભોજનાલય ચલાવવાનો સંકલ્પ લીધેલ છે. આદ. ડૉ. સાહેબે કહ્યું કે આ સંકલ્પ તમારા બધાના પુણ્ય અને તપ-પુરૂષાર્થથી જ પૂર્ણ થશે. ✡



# દેવહારી-બુરહાનપુર પર્યાવરણ તીર્થ બનશે

## ગદગદ થયેલ જિલ્લા કલેકટરે તળાવ બનાવવા સહયોગ માટે કરવામાં આવેલ અનુરોધને સ્વીકાર્યો

**બુરહાનપુર**

દેવહારી ગામમાં ગાયત્રી પરિવાર દ્વારા સ્થાપવામાં આવેલ ''શ્રીરામ સ્મૃતિ ઉપવન''ને જોવા સ્વયં જિલ્લા કલેકટર શ્રીમતી રેનુ પંત પધાર્યા હતા. વિરાન ભૂમિ પર ઉપવનમાં જીવીત અને પોષણ મેળવી રહેલ ૧૦૦૮ છોડવાઓને જોઈને તેઓ ગદગદ થઈ ગયા હતા. તેમણે કહ્યું કે આ કાર્ય પત્થર પર ઝાડ ઉગાડવા જેવું છે. આગળ ચાલીને આ સ્થાન પર્યાવરણ ક્ષેત્રને તીર્થના રૂપમાં ઓળખવામાં આવશે. તેમણે સરકાર પાસે આ કાર્યને પર્યાવરણની દૃષ્ટિથી પુરસ્કૃત કરવાની અનુશંસા કરવાનું આશ્વાસન આપ્યું. કલેકટર મહોદયએ સ્વયં એક આંબાનો છોડ પણ શ્રીરામ સ્મૃતિ ઉપવનમાં લગાવ્યો.

અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે છેલ્લા જૂન મહિનામાં બુરહાનપુર યુવા પ્રકોષ્ઠે પ્રાદેશિક સંગઠન દ્વારા નિર્ધારિત આદર્શ ગ્રામ વિકાસ યોજના અને પર્યાવરણના ક્ષેત્રમાં એક ઉત્કૃષ્ટ પહેલ કરતાં ગ્રામ દેવહારીના ગ્રામીણોના સહયોગથી ત્યાંની ઉજ્જડ થયેલ ટેકરી પર વૃક્ષારોપણ કર્યું હતું. ત્યાં તરુપુત્ર મહાયજ્ઞ યોજાઈ ગયો. જેની અંતર્ગત સાડા પાંચ એકર વિરાન પડેલ ઉજ્જડ જમીન પર ૧૦૦૮ છોડ લગાવવામાં આવ્યા. આ ક્ષેત્રને શ્રીરામ સ્મૃતિ ઉપવન પિતૃ પર્વત નામ આપવામાં આવ્યું. જન સહયોગથી રોપવામાં આવેલ આ છોડ હવે ઘણા વિકસીત થઈ ગયા છે. સ્થાનીક યુવા ગ્રામીણો દ્વારા એમની દેખરેખ રાખવામાં આવી રહી છે. શ્રી સુનીલ રાઠોડ પોતાના ખેતરમાંથી નિઃશુલ્ક પાણી આપે છે.

યુવા પ્રકોષ્ઠ કન્વિનરશ્રી મનોજ તિવારીએ જીલ્લા કલેક્ટરને પૂરી યોજનાની જાણકારી આપી. એમની સાથે જીલ્લા પંચાયત મુખ્ય કાર્યકારણ અધિકારી શ્રી રમેશ ભંડારી, તાલુકા વિકાસ અધિકારી શ્રી મહેશ બડોલે તથા અન્ય અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. જીલ્લા કલેક્ટરે કહ્યું કે છોડ લગાવવો સરળ છે પરંતુ છોડને મોટા કરવા અઘરા છે.

ગાયત્રી પરિવારના પરિજનોએ કલેક્ટર મહોદયાથી જન ભાગીદારી તથા સરકારના સહયોગથી શ્રી રામ સ્મૃતિ ભવનની સામે એક તળાવ વિકસિત કરવાનો પ્રસ્તાવ આપ્યો. જેને તેઓએ સહર્ષ સ્વીકાર કરી સરકાર દ્વારા શીઘ્ર તળાવનું નિર્માણ કાર્ય કરવાનું આશ્વાસન આપ્યું. એના માટે તેઓએ ગાયત્રી પરિવારને ભૂમિ ફાળવવાની ઘોષણા કરી.

આ અવસર પર ઉપસ્થિત નજીકનું ગામ ફોફનારના યુવાનોએ સ્મૃતિ ઉપવનથી પ્રેરણા લઈને પોતાના ગામની ટેકરીને પણ શ્રીરામ સ્મૃતિ ઉપવન બનાવવાનો સંકલ્પ લીધો. યુવા પ્રકોષ્ઠના શ્રી વસંત મોઢે, સુંદરલાલ ચોધરી, મોહન પોદ્દાર, શ્રીરામ મહાજન, દીપક કાપડીયા, રાકેશ કાસ્ડેકર તથા શ્રી રાકેશ તિવારીએ યુગઋષિ દ્વારા રચિત વાંગ્મયની કલેક્ટર અને તેમની સાથે આવેલ અધિકારીઓને ભેટ આપીને અભિવાદન કર્યા. ✡




શ્રીરામ સ્મૃતિ ઉપવનનું નિરીક્ષણ કરી રહેલ કલેક્ટર શ્રીમતી રેનુ પંત

# રાષ્ટ્ર જાગરણ દિપયજ્ઞ દ્વારા ગામડાઓને દત્તક લીધા

**મુલતાઈ, બૈતુલ**

કારતક પુનમના પાવન અવસર પર મુલતાઈ શાખાએ આદર્શ ગ્રામ વિકાસ અંતર્ગત દત્તક લેવા માટે કળજગામમાં રાષ્ટ્ર જાગરણ દિપયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. આ અવસર પર સપ્ત આંદોલનોના અમલીકરણની પ્રેરણાની સાથે ગામવાસીઓના હિતાર્થે કરવામાં આવેલ કાર્યોની જાણકારી ગાયત્રી પરિવાર દ્વારા આપવામાં આવેલ.

દીપયજ્ઞમાં રાષ્ટ્રના ઉત્કર્ષ માટે પરમ પૂજ્ય ગુરૂદેવની યુગનિર્માણ યોજનામાં ભાવ ભરી ભાગીદારીનો સંકલ્પ જગાવેલો. શ્રી નારાયણ દેશમુખે સપ્ત આંદોલનો પર વિશેષ પ્રકાશ પાડેલ. ડૉ. યુ.જી. દેશમુખને નશા છોડવા માટેનો ઉપાય બતાવી ગામવાસીઓને નશાથી દૂર રહેવા અને આત્મ કલ્યાણના માર્ગ પર ચાલવા પ્રેરણા આપી હતી. શ્રી જી.આર. ચિલ્હાટેએ યુગઋષિની જન્મ શતાબ્દી ના વિશેષ અવસર પર પ્રકાશ પાડેલ. વરિષ્ઠ પ્રતિનિધિઓને જાન્યુઆરી ૨૦૧૧માં સ્વાસ્થ્ય શિબિર યોજવા માટે અને આગામી દિવસોમાં કુટિર ઉદ્યોગના પ્રશિક્ષણ માટે જાણકારી આપી હતી. ✡

# ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરિક્ષામાં 3000 બાળકો બેઠા

**મુલતાઈઃ** ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરિક્ષાને લઈને મુલતાઈના વિદ્યાર્થીઓમાં ઘણો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. લગભગ ૫૫ કેન્દ્રો પર કુલ 3000 બાળકો પરિક્ષામાં જોડાયા હતા. જોડાયેલ વિદ્યાલયના શિક્ષકોએ પણ આ પરિક્ષાને વિદ્યાર્થીઓમાં સંસ્કારોના બીજારોપણ માટેનું શ્રેષ્ટ માધ્યમ માન્યુ હતું. શ્રી ગુલાબરાવ ચિલ્હાટે અને સાથી પરિજનોએ પરીક્ષાની સફળતા માટે અથાક પરિશ્રમ કર્યો હતો. ✡



ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરિક્ષામાં ભાગ લઈ રહેલ બાળકો

# અનાથ બાળકો અને વૃદ્ધોની વચ્ચે જન્મદિવસ મનાવ્યો

**ભોપાલઃ**-યુવા પ્રકોષ્ઠ ભોપાલની બહેનો હર્ષા શ્રીવાસ્તવ, પ્રિયંકા શર્મા, યુક્તા વર્મા, પ્રજ્ઞા તિવારી વગેરેએ ૨૮ નવેમ્બરના રોજ અનાથાશ્રમ અને વૃદ્ધાશ્રમ જઈને પોતાનો જન્મ-દિવસ મનાવ્યો. પ્રાતઃકાળ તેઓ અનાથ આશ્રમ પહોંચી અને ત્યાં આશ્રય મેળવેલ નાના નાના બાળકોને પોતાના ખોળામાં બેસાડીને પોતાનો જન્મદિવસ મનાવ્યો. આ અવસર પર બહેનોએ બાળકોને ખૂબ પ્રેમ કર્યો જ્યારે તેઓ આશ્રમથી વિદાઈ થઈ ત્યારે તમામ બાળકો ભાવવિભોર થઈ ગયા. તેમને બહેનોની આંગળી પકડીને રોતાં રોતાં ન જવા આગ્રહ કર્યો. બાળકોની સંવેદનાને અનુભવ કરી બહેનો પણ પોતાની આંખમાં આંસુ ન રોકી શકી.

સાંજના સમયે આ બહેનો જન્મદિવસ ઉજવવા વૃદ્ધાશ્રમ પહોંચી અને ત્યાં રહેતા વૃદ્ધોની સાથે મળીને પોતાનો પરિચય આપતાં જન્મદિવસ પર દીપયજ્ઞ કરવા અને આશીર્વાદ આપવાનો આગ્રહ કર્યો. સંજોગોવશાત એ જ દિવસે વૃદ્ધાશ્રમના એક ૮૦ વર્ષીય વૃદ્ધનો પણ જન્મ દિવસ હતો. ૧૦૮ દીવા પ્રગટાવ્યા અને સૌએ પોતાનો જન્મદિવસ ખૂબ જ હર્ષ-ઉલ્લાસની સાથે મનાવ્યો. ✡



બહેનોએ અનાથ બાળકોની સાથે મનાવ્યો જન્મદિવસ

# ધાર જીલ્લાને વ્યસન મુક્ત બનાવીશું



**પીથમપુર, ધાર**

૨ થી ૪ ડીસેમ્બરની તારીખોમાં પીથમપુરમાં રાષ્ટ્ર જાગરણ દીપમહાયજ્ઞ યોજાઈ ગયો. આ દીપ મહાયજ્ઞના અવસર પર ૨૫૧ યુગલ, ૧૫૦૦ બહેનો અને ૫૦૦ ભાઈઓએ રાષ્ટ્રના નવનિર્માણ માટે સક્રિય ભાગીદારીના સંકલ્પ લીધા. આ સૌએ પોતાના જીલ્લાને સંપૂર્ણ રીતે વ્યસન મુક્ત કરવાના સંકલ્પ લીધા.



પીથમપુરની ગલીઓમાંથી ગુજરી રહેલ યાત્રા

# વિદ્યાલયની સ્થાપના દિવસ પર સેવા-સંસ્કૃતિના રંગ વિખેર્યા

**જોબટ-આલીરાજપુર (મધ્યપ્રદેશ)**

તા-૨૩ નવેમ્બર-૧૧ના રોજ ગાયત્રી શક્તિપીઠ ઉ.મા.વિદ્યાલય જોબટની સ્થાપના દિવસે પાંચ કુંડીય ગાયત્રી મહાયજ્ઞની સાથે મનાવવામાં આવ્યો. એમાં ત્રીજા ધોરણથી બારમા ધોરણ સુધીના સેંકડો વિદ્યાર્થીઓએ ભાગ લઈને યજ્ઞાહુતિઓ સમર્પિત કરી. પ્રભારી આચાર્યા શ્રીમતી રેખા ભરૂડ તથા સંસ્કૃતિ મંડળની પ્રભારી વ્યાખ્યાતા સુશ્રી નિધિકા રાઠોડના માર્ગદર્શનમાં યોજાયેલ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને એમનું જીવનલક્ષ્ય અને વિદ્યાર્જનના ઉદ્દેશ્યની યાદ અપાવવામાં આવી.

કાર્યક્રમ પહેલાં છાત્ર સંઘની અધ્યક્ષ કુ.ખુશાલીના માર્ગદર્શનમાં છાત્ર સંઘ અને સંસ્કૃતિ મંડળે કાર્યક્રમ સ્થળની મનમોહક સજાવટ કરી હતી. પર્યાવરણ સંબંધી રંગોળી જોવા જેવી હતી. જન્મશતાબ્દીના પ્રયાજ વર્ષનો વિશેષ ઉલ્લાસ બાળકોમાં જોવા મળ્યો. વિદ્યાલયની જ છાત્રા કુ.દિવ્ય ચૌહાણ, પૂજા તથા જ્યોતિ ડુડવેએ યજ્ઞનું સંચાલન કર્યું હતું. ✡

કાર્યક્રમના ૨૦ દિવસ પહેલા જ્ઞાનઘટ તથા અન્નઘટોની સ્થાપના કરવામાં આવી. તેની સામે સામુહિક સાધના ક્રમ પણ ચલાવવામાં આવ્યો. આ ઘટોને લઈને ૧૧૦૦ ભાઈ બહેનોએ શાનદાર કળશ યાત્રા કાઢી હતી. આગામી દિવસે કાઢવામાં આવેલ વ્યસન મુક્તિ રેલી પણ ખૂબ જ આકર્ષક હતી, જેને નગરપાલિકા અધ્યક્ષ શ્રી દેવેન્દ્ર પટેલ તથા ગાયત્રી પરિવારના સંયોજક શ્રી મહેશ પટેલે દીપ પ્રજ્વલિત કરીને આ રેલીને પ્રસ્થાન કરાવી હતી.

કાર્યક્રમમાં ૩૫ દિક્ષા સહિત સેંકડોની સંખ્યામાં અન્યાન્ય સંસ્કાર સંપન્ન થયા. ✡

# રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞોથી થઈ રહેલ સર્જન ચેતનાનો વિસ્તાર

## ૭૫૦ વિદ્યાર્થીઓને લેવડાવ્યા નવસર્જનના સંકલ્પ

**રાજનાંદગાઁવ (છત્તીસગઢ)**

રાજનાંદગાઁવ ગાયત્રી શક્તિપીઠ દ્વારા તા-૨,૩ અને ૪ ડિસેમ્બરના રોજ રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. આ આયોજની એક મહત્ત્વપૂર્ણ કડીના રૂપમાં રાષ્ટ્ર જાગરણ સંકલ્પ સમારોહનું ભવ્ય આયોજન ગાયત્રી શક્તિપીઠ, કેશરનગર, રાજનાંદગાઁવમાં રાખવામાં આવ્યું હતું. ગાયત્રી વિદ્યાપીઠ, ગાયત્રી વિદ્યા મંદિર તથા અન્ય ટોળી દ્વારા વિદ્યાર્થીઓના ચરિત્ર નિર્માણની દિશામાં વ્યાખ્યાન તથા ગીત રજુ કરવામાં આવ્યા. ત્યારબાદ વિદ્યાર્થીઓને (૧) નિયમિત સ્વાધ્યાય, (૨) નશા નાબુદી અને (૩) પર્યાવરણ રક્ષણના સામૂહિક સંકલ્પ લેવડાવ્યા.

આચાર્ય શ્રીમતી અંજુ આહુજાએ આ કાર્યક્રમને વિદ્યાર્થીઓના ચરિત્ર નિર્માણ અને રાષ્ટ્રોત્થાનની દિશામાં એક મહત્ત્વપૂર્ણ કદમ બતાવ્યું. પોતાના



રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞમાં સંકલ્પ લઈ રહેલ ગાયત્રી વિદ્યાપીઠ તથા ગાયત્રી વિદ્યા મંદિરના છાત્ર-છાત્રાઓ

શાળાઓના ૭૫૦ વિદ્યાર્થીઓએ એમાં ભાગ લઈ રાષ્ટ્ર જાગરણના મહાન અભિયાનમાં ભાગીદારીના સંકલ્પ લીધા. સમારોહમાં અન્ય શાળાઓના વિદ્યાર્થી, ગણમાન્ય નાગરિક તથા પાલકગણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

કાર્યક્રમનો શુભારંભ ગાયત્રી પરિવારના વરિષ્ઠ પરિજન શ્રી જુગલકિશોર લઠ્ઠા, શ્રી જયંતીભાઈ પટેલ, શ્રી નંદ કિશોર સુરજન, શ્રી હરીશ ગાંધી, શ્રીમતી અંજુ આહુજા, શ્રીમતી રાધા લઠ્ઠા વગેરેએ ટોળી નાયક શ્રી આર.સી.ગુપ્તા, એમની સાથે શ્રી રણજીત બહાદુર સિંહ, શ્રી ગજાનન સિંહ ઠાકુર, શ્રી હરીશ કુમાર નિષાદ તથા શ્રી શંકરલાલ નેતામ દ્વારા સામૂહિક રૂપથી 'મશાલ' પ્રગટાવવાની સાથે થયો. શાંતિકુંજની ઉદ્દબોધનમાં તેમણે કહ્યું કે યુવાઓને વાયુની જેમ ગતિશીલ હોવું જોઈએ. એના માટે આવશ્યક છે કે તે પોતાની અંદર છુપાયેલ દુર્ગુણોને સમાપ્ત કરી સારા કાર્યોનો સંકલ્પ લઈને શ્રેષ્ઠ નાગરિક બને અને સમાજના વિકાસમાં પોતાનું યોગદાન આપે. આ કાર્યક્રમ ખાસ કરીને વિદ્યાર્થીઓના માટે નવી પ્રેરણા આપનારો સિદ્ધ થશે. તેમણે સમસ્ત વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે પોતાની શુભકામનાઓ પ્રદાન કરવાની સાથે સૌનો આભાર વ્યક્ત કર્યો. આ અવસર પર શ્રીમતી રશ્મિ ઠાકુર, સુશ્રી સીમા શ્રીવાસ્તવ, અધિકારી શ્રી સુરેશ નાયર, સમસ્ત શિક્ષક-શિક્ષિકાઓ તથા પાલકગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ✡

## બલિપ્રથા રોકવામાં સહયોગી પોલિસ અધિકારીનું સન્માન

**કોરબા (છત્તીસગઢ)**

૨૪ થી ૨૬ ઓક્ટોમ્બરની તારીખોમાં કોરબામાં રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞનો શાનદાર કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં શ્રી રતનલાલ ડાંગી, પોલિસ અધિકારીનું જિલ્લામાં પશુબલિ રોકવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન રાષ્ટ્ર જાગરણ દીપ મહાયજ્ઞના અવસર પર બુદ્ધિજીવી વર્ગના લગભગ ૫૦૦ સંકલ્પિત સાધક દંપતિઓ તથા ૧૦૦૦ અન્ય વ્યક્તિઓએ ભાગ લીધો. જિલ્લા સંગઠને જન્મ શતાબ્દીના વિશેષ અભિયાન અંતર્ગત પાંચ વિકાસ ખંડોમાં ૧૦૮ રાષ્ટ્ર જાગરણ



દીપમહાયજ્ઞમાં ભાગ લઈ રહેલ કોરબા (છ.ગ.)ના ભાઈ બહેનો

આપવા માટે ગાયત્રી પરિવાર દ્વારા વિશેષ રૂપથી સન્માનિત કરવામાં આવ્યું. અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે છત્તીસગઢ સરકાર દ્વારા પશુબલિ નિષેધ સંબંધી આદેશના અમલીકરણમાં કોરબાના જિલ્લાધીશ શ્રી આર.પી.એસ.ત્યાગી અને પોલિસ અધિકારી શ્રી ડાંગીજીએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. તેમના જ સહયોગથી ગાયત્રી પરિવારના પરિજન ચૈત્ર નવરાત્રિના અવસર પર પશુબલિ આંદોલન ચલાવી જિલ્લાના ધાર્મિક સ્થળો પર પશુબલિ રોકવામાં પૂરી રીતે સફળ રહ્યા હતા.

દીપયજ્ઞ યોજીને આખા ક્ષેત્રનું મંથન કરવાનો સંકલ્પ લીધો. આગામી વસંત પર્વ પર થનારા ત્રણ દિવસીય સમારોહને કોરબા જિલ્લાના ૧૨ પ્રજ્ઞા સંસ્થાનોમાં વિશાળ સ્તર પર ઉજવવાના સંકલ્પ લીધા. રાજ્યસભા મહિલા આયોગની સભ્ય સુશ્રી શ્યામ કંવર, છત્તીસગઢ રા. વિ. ઉ.ક.મર્યા.કોરબાના મુખ્ય અભિયંતા શ્રી સી.પી.પાંડે, સ્થાનિક ધારાસભ્ય શ્રી જયસિંહ અગ્રવાલ સહિત અનેક ગણમાન્યોની ઉપસ્થિતિમાં રાષ્ટ્ર જાગરણના સંકલ્પ લેવામાં આવ્યા. આ કાર્યક્રમથી સૌ પરિજનોમાં ઉત્સાહ વધી ગયો છે. ✡

## નાનક જયંતી પર સાહિત્ય વિતરણ

**અલ્હાબાદ (ઉત્તર પ્રદેશ)**

જ્ઞાનયજ્ઞ પ્રચાર સમિતિ અલ્હાબાદે ગુરુનાનક જયંતી -૨૧ નવેમ્બરના પાવન અવસરે સંગમ ક્ષેત્રમાં આવનારા તીર્થયાત્રિઓમાં ૧૦ હજાર રૂપિયાના મૂલ્યના પરમ પૂજ્ય ગુરુદેવના લખેલ જેવી પુસ્તકો વિતરિત કર્યા. આ ક્રમમાં 'હારિયે ન હિમ્મત, પાના હૈ તો દેના સીખો, ઘનકો પીડિત માનવતાને પુકારા હૈ, પાંચ અમાનતે જો ઈશ્વરીય પ્રયોજનમે હી લગાયી જાયે, ભગવાન શંકર ક્યા હૈ?' આ પાંચ શીર્ષક વાળા પુસ્તકો વિતરીત કરવામાં આવ્યા.

સમિતિ સંયોજક શ્રી દેવવ્રત સાહા રાયના જણાવ્યાનુસાર જ્ઞાનયજ્ઞ પ્રચાર સમિતિ પાછલાં કેટલાય વર્ષોથી મહત્વપૂર્ણ અવસરો પર નિઃશુલ્ક સાહિત્ય વિતરિત કરી રહી છે. જેના સુંદર પરિણામ આવી રહ્યા છે. દૂર-દૂરથી આવનારા યાત્રિઓની ફોન પર મળેલ પ્રતિક્રિયાઓએ આ કાર્ય પ્રત્યે ઉત્સાહ વધાર્યો છે. ✡

## પ્રજ્ઞા પુરાણ કથા

**વડોદરા (ગુજરાત)**

વડોદરા સ્વાધ્યાય પરિવારની બહેનોએ એકત્ર થઈ તા- ૨૪ થી ૨૮ નવેમ્બર સુધી પ્રજ્ઞા પુરાણ કથાનું આયોજન કર્યુ હતું. કથા વાંચન પ્રજ્ઞાપુત્રી શ્રીમતી મિનાક્ષીબેન કાબરીયાએ કર્યુ હતું. કથા બાદ સાતમા દિવસે નવકુંડી ગાયત્રીયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. કથાથી પ્રભાવિત થઈને સ્વાધ્યાય કેન્દ્રમાં બહેનોની સંખ્યામાં વધારો થયો છે. કથાનો લાભ આસપાસના પરિજનો ભાઈ-બહેનોએ લીધો હતો જેમાં ઘણા ભાઈ-બહેનોએ વ્યસનો છોડવાના સંકલ્પ લીધા છે.

કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્વાધ્યાય પરિવારની તમામ બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી. ✡

## બસાકર યાદ મેં અપની, તલાશેગી નિગાહેં નમ



વર્તમાન દિવસોમાં શાંતિકુંજના સંગીત વિભાગમાં પોતાની સેવાઓ આપી રહેલ સમર્પિત કાર્યકર્તા શ્રી વિજય હિરવાણીનું તા-૨૧ ડિસેમ્બર-૨૦૧૦ના રોજ નિધન થઈ ગયું. તેઓ સંગીત વિભાગ દ્વારા પ્રકાશિત નવા ગીતોનું સંકલન 'ગીત સંજીવની'માં પોતાની મુખ્ય ભૂમિકા અને ત્રૈમાસિક સંગીત સત્રના કુશળ સંચાલન માટે લાંબા સમય સુધી યાદ કરવામાં આવશે. વિજય હિરવાણી ન માત્ર સંગીત શિખવાડતા હતા, બલ્કે પોતાની અદમ્ય મિશન નિષ્ઠાના બળ પર તાલીમાર્થીઓને એટલા પ્રભાવિત કરતા હતા કે લગભગ ૧૦૦ ટકા પ્રશિક્ષણાર્થી મિશન માટે સમયદાન માટે ઉત્સાહિત થઈ જતા હતા.

શ્રી વિજય હિરવાણી કોશમકુડા, જિલ્લો-રાયપુર (છત્તીસગઢ)ના હતા. શ્રીમતી રાજમુની તથા શ્રી ચંદન હિરવાણીના લાડલા સુપુત્ર હતા. આ દિવસોમાં તેઓ ગામને ગ્રામતીર્થના રૂપમાં વિકસિત કરવા માટે સક્રિય હતા. પોતાની ધર્મપત્ની શ્રીમતી લક્ષ્મી, પુત્ર-દિગ્વિજય તથા પુત્રી-અંજલી સાથે છેલ્લા ૨૦ વર્ષોથી શાંતિકુંજમાં સેવાઓ આપી રહ્યા છે.

શાંતિકુંજ પરિવારે ૨૪ ડિસેમ્બરના રોજ એક 'ગુણ નિવેદનમ્' સભાનું આયોજન કરી તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

- **શ્રી ગૌરીશંકર શર્મા (વ્યવસ્થાપક શાંતિકુંજ):** વિજય એક હોનહાર પ્રતિભા હતી. આ દિવસોમાં તેની કાર્યપ્રણાલી અને સ્વભાવમાં પ્રખરતાનો જે વિકાસ થઈ રહ્યો હતો તેને જોઈને લાગતું હતું કે એ ખૂબ આગળ વધશે.
- **શ્રી કેશરી કપિલજી (શક્તિપીઠ પ્રકોષ્ઠ પ્રભારી):** એક ચમકતો તારો ખરી પડ્યો.
- **શ્રી શિવપ્રસાદ મિશ્ર (સંગીત વિભાગ પ્રભારી):** વિજય અમારો પ્લાનર હતો, અમારા વિચારતાં પહેલાં તેની પાસે પ્લાનિંગ રહેતી હતી. અમારે માત્ર મંજૂરી જ આપવાની રહેતી હતી.
- **શ્રી રામાનુજ હિરવાણી (નાનો ભાઈ):** -તે મિશનનો હિરો હતો અને પરિવારનો પણ હિરો હતો. ખબર નહીં ક્યાં ખોવાઈ ગયો.
- **શ્રી મંગલ ગઢવાલ (મિત્ર):** -વિજયભાઈ ભલે આંખો સે ઓજલ હો ગયે હો તુમ. બસાકર યાદ મેં અપની, તલાશેગી નિગાહેં નમ.

પેજ નંબર ૯ નું ચાલુ....

## પ્રાણ પ્રતિષ્ઠા સમારોહના મુખ્ય આકર્ષણ

➤ગાયત્રી ચેતના કેન્દ્રની પ્રાણ પ્રતિષ્ઠાના સમાચાર અને આદરણીય ડૉ.સાહેબની સાથે થયેલ સાક્ષાત્કાર શહેરના તમામ પ્રતિષ્ઠિત સમાચાર પત્ર લોકમત, સકાળ, સામાના, ગાવકરી વગેરેમાં આખા-આખા પાના ભરીને પ્રકાશિત થયા. લોકમતનું શિર્ષક હતું- 'બજાય રાજનીતિ ગમન કે અચ્છે નેતા બનાયે સંત', 'ઉઠો, જાગો, રુકો મત.'

➤દેવ સંસ્કૃતિની ખ્યાતિ પટેલની ૭ સભ્યોની ટીમે વિભિન્ન વ્યવસ્થાઓ સંભાળી. સ્થાનિક સચીન પટેલ, ભાવના પટેલ, સીમા ચાંટલાની, ઉર્મિલા પટેલ, નીતા, સીમા, જયા, રાધા, જરીવાલ વગેરેએ મુખ્ય વ્યવસ્થાઓ સંભાળી.

➤આ ચેતના કેન્દ્ર પર સ્થાયી પરિવ્રાજકના સ્થાન પર ૧૫ કાર્યકર્તાઓની ટીમ સપરિવાર સમયદાન આપી રહેલ છે. આ ટીમ ભોજન બનાવવા, સફાઈ, બુક સ્ટૉલની સેવાઓ જેવા તમામ કાર્ય સ્વયં કરે છે. ટીમમાં બેંકના બ્રાંચ મેનેજર અને ફેક્ટરીઓના માલીક પણ છે.

➤પ્રાણ પ્રતિષ્ઠા થયા પછી તુરંત નજીકના ગામોના યુવાનોની પાંચ દિવસીય શિબિર ચેતના કેન્દ્ર પર આરંભ થઈ ગઈ. ✡

# પુસ્તક મેળોઃ-નવી પેઢીને મળી રહેલ ઉત્કૃષ્ટ સાહિત્યની અનમોલ થાપણ

**જશપુર (છત્તીસગઢ)**

પાછલા દિવસોમાં દુર્ગમ પહાડી તથા વન વિસ્તારમાં આવેલ જશપુર જિલ્લા મુખ્યાલયના કમ્યુનિટી હૉલમાં વિશાળ પુસ્તક મેળાનું આયોજન રાખવામાં આવ્યું હતું. આ પુસ્તક મેળો શિક્ષણ જગતમાં ઊંડી છાપ છોડવામાં સફળ રહ્યો. આયોજકોએ એમાં ચાર લાખ રૂપિયાનું યુગ નિર્માણી સાહિત્ય રાખ્યું હતું, જેમાંથી સાડા ત્રણ લાખ રૂપિયાના સાહિત્યનું વેચાણ થયું. જીવન વિદ્યા, નારી જાગરણ તથા વિદ્યાર્થીઓ માટે ઉપયોગી પૂરેપૂરૂ સાહિત્ય વેચાણ થયેલ. પ્રતિદિન ત્રણ થી ચાર વિદ્યાલયોના વિદ્યાર્થી તથા શિક્ષક મેળામાં આવતા અને પોતાની મનપસંદ પુસ્તકો ખરીદતા. જિલ્લા શિક્ષણાધિકારીએ પૂજ્ય ગુરુદેવના સાહિત્યનો એક એક સેટ પ્રત્યેક વિદ્યાલયમાં સ્થાપિત કરાવવાની ઘોષણા કરી હતી.

અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે આ વિસ્તાર પર ઈસાઈ મિશનનો ઉંડો પ્રભાવ છે, પરંતુ પુસ્તક મેળાને ઈસાઈઓ એ ખૂબ જ પસંદ કર્યો. પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા લખવામાં આવેલ મહાત્મા ઈસુની જીવનગાથાની એક-એક પુસ્તક વેચાઈ ગઈ. ઘોલેંગ ચર્ચના પાદરી પ્રફુલ્લ મોટા મેળામાં પુસ્તકો જોઈને ખૂબ જ પ્રભાવિત થયા. તેમણે કહ્યું કે પં.શ્રીરામ શર્મા આચાર્યજી દ્વારા લખવામાં આવેલ આ પુસ્તકો મનુષ્યના જીવનને પ્રભાવિત કરવાવાળા છે. વિઝીટર્સ બુક જોઈને માલુમ પડે છે કે ઈસાઈ, મુસ્લિમ, સીખ, શાંતિ ભવન વગેરે તમામ સંપ્રદાયોને લોકોએ યુગ સાહિત્યને સમાન રૂપથી પસંદ કર્યા.

આ મેળાની સફળતામાં ક્ષેત્રીય પરિજનોના સમયદાન અને સમર્પણ ભાવની મુખ્ય ભૂમિકા હતી. પ્રત્યેક કાઉન્ટર પર પરિજન આગંતુકોને પુસ્તકોના મહત્ત્વપૂર્ણ અંશ અને એનું મહત્ત્વ બતાવતા રહ્યા. વડીલ શ્રી શોભનાથો યાદવ લગાતાર દસ દિવસ સુધી મુખ્ય દ્વાર તથા અખંડ દીપકની જવાબદારી સંભાળતા રહ્યા. સમાપન સમારોહ છત્તીસગઢ પર્યટન મંડળના અધ્યક્ષ શ્રી કૃષ્ણા રાયની મુખ્ય ઉપસ્થિતિમાં દીપયજ્ઞની સાથે સંપન્ન થયો.

આવો પુસ્તક મેળો જશપુરના દરેક વિકાસ ખંડમાં યોજવાની જનમાનસની ઈચ્છા છે. જશપુર શક્તિપીઠના મુખ્ય ટ્રસ્ટી શ્રી સહાદુલ સિંહ તથા જિલ્લા સમન્વયક શ્રી ટી.એન.ઉપાધ્યાય એને સાકાર રૂપ આપવા માટે સક્રિય થયા છે.

**લખનૌ (ઉત્તર પ્રદેશ)**

પ્રાદેશિક પાટનગરના રજનીખંડમાં ૨૩ થી ૨૫ ઓકટોમ્બરની તારીખોમાં પુસ્તક મેળાનું આયોજન રાખવામાં આવ્યું હતું. દરેક વર્ગના પ્રબુદ્ધ સેંકડો લોકોએ આ મેળાનો લાભ ઉઠાવ્યો. ઈંદિરાનગર, ગાયત્રી જ્ઞાન મંદિરે ઉર્દૂ સહિત વિભિન્ન ભાષાઓમાં સાહિત્ય પ્રદર્શિત કર્યું હતું. શ્રી ઘનશ્યામ ત્રિપાઠી, રમા ત્રિપાઠી, ડૉ.વીરેન્દ્ર સિંહ યાદવ, શ્રીમતી નિર્મલા પાંડે, ગણેશ મૌર્ય, મુકેશ, વિનોદ કુમાર રતૂડી વગેરેએ મેળામાં મુખ્ય રૂપથી સેવાઓ આપી હતી.



લખનૌમાં પુસ્તક મેળાનો લાભ લઈ રહેલ પરિજનો

**ઉરઈ-જાલૌન (ઉત્તર પ્રદેશ)**

ઉરઈ ગાયત્રી શક્તિપીઠ દ્વારા ૯ થી ૧૬ નવેમ્બરની તારીખોમાં આચાર્ય નરેન્દ્ર દેવ ઈ.કૉલેજ ઉરઈમાં એક વિશાળ પુસ્તક મેળાનું આયોજન રાખવામાં આવ્યું હતું. મેળામાં પધારેલ જિલ્લાધિકારી મહોદયે એમાં પરમ પૂજ્ય ગુરુદેવના સાહિત્યનું અવલોકન કર્યા પછી આ સાહિત્યને ડી.ઓ.ના માધ્યમથી તમામ વિદ્યાલયોમાં સ્થાપિત કરવા આદેશ આપ્યો હતો.

આઠ દિવસીય પુસ્તક મેળાએ હજારો નવા લોકોને પરમ પૂજ્ય ગુરુદેવના વિચારોનો પરિચય કરાવ્યો. જર્મન મહિલા માર્થા એંજિલ આ પુસ્તકોની ઉપયોગી વિષય વસ્તુ, સામાન્ય લોકોની ક્ષમતા મુજબ ઓછી કિંમત અને પુસ્તકો પ્રત્યે લોકોના ભારે ઉત્સાહથી ખૂબ જ પ્રભાવિત હતી. જિલ્લાધિકારી મહોદય સિવાય પોલીસ અધિકારી, ગ્રામીણ બેંકના રીઝનલ મેનેજર, સરકારી વિદ્યાલયોના આચાર્યો સહિત મોટી સંખ્યામાં બુદ્ધિજીવીઓએ પુસ્તક મેળામાં ઉંડી રૂચિ લીધી, યુગ સાહિત્ય ખરીદ્યુ. મીડિયાનો વિશેષ સહયોગ મળ્યો. સમાજના કેટલાય વર્ગોને પહેલી વાર પૂજ્ય ગુરુદેવના વિચાર અને ગાયત્રી પરિવારની ગતિવિધિઓને નજીકથી જોવાનો અવસર મળ્યો.

સર્વશ્રી ટી.એન.દુબે, એસ. ભદોરિયા, મહેશચંદ્ર સૈની, ઘનશ્યામ દાસ શર્મા, અનિલ શ્રીવાસ્તવ, શ્યામ સુંદર સોની, મનોજ ગુપ્તા, સુરેશ ભદોરિયા, જગમોહન દ્વિવેદી-એડવોકેટ, શ્રીમતી માધુરી તિવારી, ડૉ.એસ.આર.અગ્રવાલ, અર્ચના ગુપ્તાના મુખ્ય સહયોગથી આ પુસ્તક મેળો પૂરી સફળતાની સાથે સંપન્ન થયો.

**બુઢાર-શહડોલ (મધ્યપ્રદેશ)**

૨૨ થી ૨૭ નવેમ્બરની તારીખોમાં બુઢાર નહેરૂ ડિગ્રી કૉલેજમાં યુગ નિર્માણી પુસ્તક મેળાનું આયોજન રાખવામાં આવ્યું હતું. આચાર્ય ડૉ.ગોપાલ તિવારીએ સમારોહપૂર્વક શુભારંભ કર્યો. વિદ્યાર્થી, અધ્યાપક, વાલી સૌએ ખૂબ જ ઉત્સાહની સાથે એનું અવલોકન કરતાં યુગઋષિના ચિંતનનો ભરપૂર લાભ લીધો. કુલ ૭૦ હજાર રૂપિયાના સાહિત્યનું વેચાણ થયું. અનૂપપુર, ધનપુરી, અમલાઈ, બુઢાર, શહડોલ, જૈતહરી તથા શેતમા શાખાઓના પરિજનોનો એમાં ભરપૂર સહયોગ મળ્યો. આ શાખાઓ દ્વારા એક બીજો પુસ્તક મેળો ૧૧ થી ૧૨ ઓકટોમ્બરની તારીખોમાં કેન્દ્રીય વિદ્યાલય ધનપુરીમાં લગાવવામાં આવ્યો હતો.

**ઉત્તમ અને સસ્તા સાહિત્યનું સ્વાગત**

**ભાટાપારા-રાયપુર (મધ્યપ્રદેશ)**

સરકારી બ.ઉ.મા.વિદ્યાલય ભાટાપારામાં ગાયત્રી પરિવાર દ્વારા તા-૧૦ થી ૧૫ નવેમ્બર સુધી પુસ્તક મેળાનું આયોજન રાખવામાં આવ્યું હતું. પહેલા દિવસે સ્થાનિક ભૂતપૂર્વ ધારાસભ્ય શ્રી શિવરતન શર્માએ મેળાનો શુભારંભ કરતાં ગાયત્રી પરિવારને સસ્તુ અને ઉત્તમ ગુણવત્તાનું સાહિત્ય ઉપલબ્ધ કરાવવા માટે ધન્યવાદ આપ્યા. તેમણે કહ્યું કે અધ્યયનથી વિચારોમાં દૃઢતા આવે છે, પરંતુ આજ સમાજમાં સારા સાહિત્યનો નિતાંત અભાવ છે. તેમણે ક્ષેત્રના વાચનાલયો-પુસ્તકાલયોમાં આ સાહિત્ય સ્થાપિત કરવામાં પૂરા સહયોગનું આશ્વાસન આપ્યું. ઉદ્દઘાટન સમારોહના અધ્ય અતિથિ વક્તા સર્વશ્રી ભૂપેશ દીવાન, મનેન્દર સિંહ, ગુમ્બર સિંહ, રાકેશ તિવારી, આલોક મિશ્રા, અશોક ઉપાધ્યાય સહિત અલગ-અલગ દિવસે પધારેલ વિશિષ્ટ અતિથિઓએ પૂજ્ય ગુરુદેવની સાહિત્ય સંજીવનીને ઘરે-ઘરે પહોંચાડવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું. મેળા સંયોજક શ્રી સતીશ અગ્રવાલે પ્રત્યેક ઘરમાં ગુરુદેવના સાહિત્યને સ્થાપિત કરવાનો સંકલ્પ લીધો. ✡

## આમોદર, ગાયત્રી શક્તિપીઠ દ્વારા જન્મ શતાબ્દી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન

**આમોદર (વડોદરા)**

આમોદર, ગાયત્રી શક્તિપીઠ દ્વારા જન્મ શતાબ્દી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન રાખવામાં આવ્યું હતું જે નિચે મુજબ છે.

(૧) તા- ૨૬ સપ્ટેમ્બર,૨૦૧૦ના રોજ સામૂહિક શ્રાદ્ધ તર્પણ રાખવામાં આવ્યું. જેમાં લગભગ ૬૫૦ થી ૭૦૦ પરિજનોને શ્રાદ્ધ તર્પણની પૂજામાં બેસાડવામાં આવ્યા. શ્રાદ્ધ તર્પણ નડીયાદના શ્રી અરવિંદભાઈ પટેલે પોતાની ઓજસ્વી વાણી દ્વારા સંપન્ન કરાવ્યું. શ્રાદ્ધ તર્પણ વિધીમાં ભાગ લેનાર તમામ પરિજનો માટે શક્તિપીઠ પર ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.

(૨) તા-૨૧ નવેમ્બર, ૨૦૧૦ના રોજ માંસ રહિત, પ્રાણીહક દિવસ ઉજવવામાં આવ્યો. મહાન અને દીર્ઘદ્રષ્ટા સંત સાધુ ટી એલ વાસવાની નામ સમગ્ર જીવસૃષ્ટી માટે આદર સમાન છે એમણે બતાવેલા ઉમદા વિચારો પ્રમાણે સૃષ્ટીની રચનામાં પ્રાણીઓ અને પક્ષીઓ આપણા નાના ભાઈ બહેન છે. 'મારા મન પ્રમાણે પક્ષીઓને પ્રેમ ન કરવો એટલે પરમાત્માને પ્રેમ ન કરવો' આથી આવો આપણે આ મુંગા અને પોતાનું રક્ષણ કરવા અસમર્થ એવા જીવો માટે પ્રેમ કરવા ભાવના વિકસાવીએ.

આ અંતર્ગત સાધુ વાસવાની હાઈસ્કુલના બાળકો સાથે ગાયત્રી પરિવારના ભાઈ બહેનો દ્વારા માંસ રહિત રેલીમાં ભાગીદારી નોંધાવી.

(૩) સમગ્ર વડોદરા શહેરનું નવા વર્ષનું સ્નેહ સંમેલન તા-૧૬ નવેમ્બર, ૨૦૧૦ના રોજ ગાયત્રી શક્તિપીઠ ખાતે પરમ પૂજ્ય ગુરૂદેવની જન્મ શતાબ્દી નિમિત્તે વર્ષ ૨૦૧૧-૧૨ નિમિત્તે સંગઠનના ભાગરૂપે સમગ્ર વડોદરા શહેરના કર્મઠ પરિજનો આ સ્નેહ સંમેલનમાં ભાગ લીધો હતો તથા જન્મ શતાબ્દીવર્ષમાં પોતાનો સમય પોતાની પ્રતિભાનો કેવી રીતે ઉપયોગ કરવામાં આવે તે માટે પરિવારના કર્મઠ પરિજનો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. શક્તિપીઠના પ્રમુખ આદ. શ્રી ગીરીશભાઈ પટેલે શાબ્દીક સ્વાગત તથા નૂતન વર્ષાભિનંદન તથા નવું વર્ષ સર્વેને મંગલમય નીવડે તેવી મા ગાયત્રીને પ્રાર્થના સાથે કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો. જન્મ શતાબ્દી નિમિત્તે કોઈ પણ ગામડુ શતાબ્દી વર્ષના સંદેશથી વંચીત ન રહી જાય તેવો સંકલ્પ લેવામાં આવ્યો. શક્તિપીઠ દ્વારા પાંચ લાખનું અંશદાન આપવાની ઘોષણા કરવામાં આવી.



(૪) તા- ૨૮મી નવેમ્બરે ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં વાઘોડીયા તાલુકાની તથા વડોદરા શહેરમાંથી ૧૧૬ શાળાઓમાં ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા નોંધાવવા પ્રયત્ન કર્યો. પરીક્ષા બાદ દરેક શાળાઓમાં બાળ સંસ્કાર કેન્દ્રોની સ્થાપના કરવાનો સંકલ્પ છે અને વિવિધ પ્રવૃત્તિઓ જેમકે વૃક્ષારોપણ, નશા વિરોધ આંદોલન, બાળકોને યોગ, ગામમાં સામૂહિક સ્વચ્છતા અભિયાન વિગેરે કાર્યક્રમો ચલાવવાનો સંકલ્પ કરેલ છે. ✡

## શ્રી લાયન્સ શાળાના વિદ્યાર્થીઓને આપવામાં આવ્યો ભારતીય સંસ્કૃતિનો પરિચય

**માણાવદર (જુનાગઢ)**

શ્રી લાયન્સ શાળામાંથી દર વર્ષે ૨૦૦ થી ૩૦૦ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરિક્ષામાં ભાગ લે છે. તા-૧૬ ડીસેમ્બર,૨૦૧૦ના રોજ જિલ્લાના વરિષ્ઠ પરિજન શ્રી લક્ષ્મણભાઈ ચુડાસમા તથા શ્રી વિજયભાઈ જોષી પ્રમુખશ્રી ગાયત્રી પ્રજ્ઞાપીઠ માણાવદરની ઉપસ્થિતીમાં લગભગ ૭૦૦ વિદ્યાથીઓને ગાયત્રી મહત્વ, મનની એકાગ્રતા તેમજ મિશનની જાણકારી પુરી પાડવામાં આવી હતી. કાર્યક્રમનો શુભારંભ પ્રાર્થના સાથે કરવામાં આવ્યો હતો.



સમારોહમાં પ્રાર્થના કરી રહેલ વિદ્યાર્થીઓ

ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરિક્ષામાં પ્રથમ, દ્વિતીય ક્રમાંકે ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત ઈનામ તરીકે પરમ પૂજ્ય ગુરૂદેવના પુસ્તકો આપવામાં આવ્યા હતા. શાળાની અન્ય પ્રવૃત્તિઓમાં વિજેતા તથા વિદ્યાર્થીઓના જન્મદિન નિમિત્તે તેઓને પરમ પૂજ્ય ગુરૂદેવનું સત્સાહિત્ય આપવામાં આવશે તેવો સંકલ્પ લેવામાં આવ્યો હતો.

જુનાગઢ જીલ્લામાં શ્રી લક્ષ્મણભાઈ ચુડાસમા, શ્રીમતી નર્મદાબેન, શ્રીમતી મંજુબેન, શ્રી નાગભાઈ દ્વારા જીલ્લાની શાળાઓમાં અંદાજે ૨૫૦૦૦ સદવાક્યો, ૨૫૦૦૦ સ્ટીકરો તથા લગભગ રૂપિયા ૨૫૦૦૦/-ની પોકેટબુકો વિતરીત કરવામાં આવી હતી. ✡

# ઉત્પાલ્ટા ગામ આદર્શોન્મુખ બન્યું

## શ્રમ, સંકલ્પ અને સહકારથી મળી જીતની કથા-ગાથા

**દહેરાદૂન (ઉત્તરાખંડ)**

> **પરમ પૂજ્ય ગુરુદેવે કહ્યુ છે કે ભારતની આત્મા ગામોમાં વસે છે. ગામોના ઉત્કર્ષ વગર ધરતી પર સ્વર્ગનું અવતરણ થઈ શકતું નથી. દેશનો વાસ્તવિક વિકાસ ત્યારે સંભવ છે, જ્યારે આપણા દેશના ૭ લાખ ગામોનો વિકાસ કરી શકીશું. અમારી યુગ નિર્માણ યોજના ત્યારે સાકાર થઈ શકશે.**

ઉત્પાલ્ટા ગામ પ્રકૃતિની સાથે સંઘર્ષ કરી રહેલ હજારો પહાડી ગામોમાંથી એક ગામ છે. આ ગામ દહેરાદૂન જિલ્લાના વિકાસનગર તાલુકામાં જિલ્લા મુખ્યાલયથી લગભગ ૮૦-૮૫ કિલોમીટર દૂર ૬૦૦૦ ફૂટની ઉંચાઈ પર વસેલું છે. ચારે બાજુ સૂના પહાડોથી ઘેરાયેલ આ ગામના લોકોની જીંદગી મુશ્કેલી ભરી હતી. ત્યાં પાણીની ખૂબ સમસ્યા છે. ગરમીઓમાં તો ત્યાં પીવાનું પાણી પણ મળતું નથી.

**ગામવાસીઓમાં જોવા મળ્યું સાહસ**

ત્રણ વર્ષ પહેલાં આ ગામવાસીઓ ગાયત્રી પરિવાર પ્રત્યે આસ્થા રાખવાવાળા ડૉ.જી.એસ. રાયે શાંતિકુંજનું ધ્યાન પોતાના ગામની તરફ આકર્ષિત કર્યું. વિકાસના આકાંક્ષીઓના સહયોગ માટે હંમેશા તત્પર રહેવાવાળા શાંતિકુંજે સૌ પ્રથમ એ ગામમાં એક ચિકિત્સા શિબિર લગાવી. આ અવસર પર ઉત્પાલ્ટા વાસીઓની શ્રમ અને પરસ્પર સહકારની ભાવનાનો પરિચય મળ્યો. અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે ત્યાંના લોકો આજે પણ બેટીઓના વિવાહ હોય અથવા ખંડેર મકાનોને તોડીને નવા મકાન બનાવવા, તમામ કાર્ય મજુરીથી નહીં, પરસ્પર સહયોગથી જ કરે છે. દિકરીઓના વિવાહમાં જ્યાં સુધી જાન વિદાય ન થઈ જાય, ગામના લોકો રજા લઈને એ કાર્યને પૂરૂ કરે છે.



ગામની વેરાણ પહાડીઓ પર લગાવવામાં આવી રહ્યા છે છોડવાઓ

શાંતિકુંજ પ્રતિનિધિ આ શ્રેષ્ઠ પરંપરાથી ખૂબ જ પ્રભાવિત થયા. તેમણે વિશ્વાસ થઈ ગયો કે આ ગામના લોકોમાં કંઈક કરવાની ક્ષમતા અને ઉત્સાહ બન્ને છે. પરિણામ સ્વરૂપે ઉત્પાલ્ટા ગામના વિકાસની ચરણબદ્ધ યોજના બનાવવામાં આવી અને એની પર વિલમ્બ કર્યા વગર અમલ કરવામાં આવ્યો.

**ચરણબદ્ધ પ્રયાસ આરંભ**

વૃક્ષારોપણ-પહેલા ચરણમાં ગામની ૫૦ વીઘા જમીન પર ગહન વૃક્ષારોપણ કરતાં ૧૦૦૦ વૃક્ષ લગાવવામાં આવ્યા. ગામના લોકોએ ખૂબ ઉત્સાહ સાથે ખાડા ખોદ્યા અને લગાવવામાં આવેલ વૃક્ષોનું પોષણ કર્યું. ત્યાં **બાઁઝના** વૃક્ષ લગાવવામાં આવ્યા, જેમાં વાદળોને આકર્ષિત કરવાની વિશેષ ક્ષમતા હોય છે. આજે આ છોડ કમર જેટલી ઉંચાઈ સુધી વધી ગયા છે.

➢ **જીવન વિદ્યા પ્રશિક્ષણ**

ઉત્પાલ્ટા ગામમાં વ્યક્તિત્વ પરિષ્કાર શિબિર, સંસ્કાર પ્રશિક્ષણ જેવો ક્રમ આરંભ કરવામાં આવ્યો. ગામના બાળકોમાં પરિવર્તન સ્પષ્ટ દેખાવા લાગ્યું. મોજ-શોખ અને રમત-ગમતમાં સમય બરબાદ કરવા વાળા બાળકોનું સમય પર ઘરે પાછા ફરવું, ઘરના કામોમાં સહયોગ કરવો, વાલીઓનું સન્માન કરવું, સારી પુસ્તકો વાંચવા માટે ઉત્સાહિત રહેવું વગેરે, જેમણે બાળકોના વાલીઓનું ધ્યાનાકર્ષિત કર્યું. ગામવાસીઓની ગાયત્રી પરિવાર પ્રત્યે ભાવનાત્મક ઉત્સાહ અને સહયોગ વધતો ગયો.

રોજગારના અભાવમાં આ ગામવાસીઓ દૂર-દૂરના વિસ્તારમાં જઈને નોકરી કરવા માટે મજબૂર છે. એ સૌએ મળીને પોતાના ગામના વિકાસ માટે 'ઉત્પાલ્ટા ગામ વિકાસ સમિતિ'ની રચના કરી અને શાંતિકુંજના માર્ગદર્શનમાં ક્રમશઃ કાર્ય આરંભ કરી દીધું. આ સમિતિ પોતાના શ્રમ, સહકાર અને મુઠ્ઠી ફંડની યોજનાને અપનાવીને જ ગામ વિકાસના દરેક કાર્યને પૂરા કરી રહી છે.



સ્વાવલંબન ઉદ્યોગ આરંભ કરાવી રહેલ વરિષ્ઠ અધિકારીઓ

➢ **સ્વાવલંબન**

બીજા ચરણમાં ગ્રામીણ સ્વાવલંબનનો આરંભ કરવામાં આવ્યો. એની અંતર્ગત ઉત્તરાખંડ ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના સહયોગથી ૬૦ બહેનોને ચરખા પર સૂત કાંતવાનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું. આજે આ ઉદ્યોગને અપનાવી પ્રત્યેક મહિલા ૩ થી ૪ હજાર રૂપિયાની આજીવિકા દર મહિને કરી કમાણી કરી રહી છે. ગામમાં અગરબત્તી, મીણબત્તી, પાવડર, સાબુ, મંજન વગેરેનું પ્રશિક્ષણ શાંતિકુંજ દ્વારા આપવામાં આવી રહ્યું છે. ક્રમશઃ ગામનું વાતાવરણ જ બદલાઈ રહ્યું છે.

**શૌચાલયનું કાર્ય આરંભ કર્યું**

શાંતિકુંજ પ્રતિનિધિઓની સલાહથી ઉત્પાલ્ટા વાસીઓએ પોતાના માટે ખર્ચ વગરના શૌચાલય બનાવવાનો આરંભ કરી દીધો છે. શાંતિકુંજ પ્રતિનિધિઓએ તેમણે ખુલ્લામાં શૌચ જવાના ભયંકર દુષ્પરિણામોની જાણકારી આપવાની સાથે બતાવ્યું કે ગંદકી એક અભિશાપ છે, ખુલ્લાાં શૌચ જવું ઘૃણિત કાર્ય છે. પહેલી વાર ગામવાસીઓને આ ભૂલનો અહેસાસ થયો અને તેમણે અવિલમ્બ શૌચાલયનું બાંધકામ આરંભ કરી દીધું. શાંતિકુંજ પ્રતિનિધિઓએ એના માટે પ્રશિક્ષણ આપ્યું.

ઉત્પાલ્ટા ગામ પોતાના શ્રમ અને પરસ્પર સહકારની સારી આદતોના બળે શાંતિકુંજથી માર્ગદર્શન મેળવી ક્રમશઃ વિકાસના રસ્તે આગળ વધી એક આદર્શ રજુ કરી રહ્યા છે. લોકોની આદતો અને સંસ્કાર બદલાઈ રહ્યા છે. ✡

# મોનાવાલામાં ગ્રામ સફાઈ અભિયાન ચલાવ્યું

**શાંતિકુંજ-હરિદ્વાર (ઉત્તરાખંડ)**

શાંતિકુંજના આફત પ્રબંધન દળે પોતાના નિયમિત આદર્શ ગ્રામ વિકાસ આંદોલન અંતર્ગત તા-૨૧ ડિસેમ્બરના રોજ હરિદ્વાર જિલ્લાના જ લક્સર તાલુકાનું મોનાવાલા ગામમાં સ્વચ્છતા, સ્વાસ્થ્ય, સ્વાવલંબન તથા વિચાર ક્રાંતિ આંદોલન ચલાવ્યું. અભિયાનમાં શાંતિકુંજના સ્વયં સેવકો સિવાય એક માસીય યુગ શિલ્પી સત્ર તથા પરિવ્રાજક સત્રના કાર્યકર્તાઓએ પોતાની સેવાઓ પ્રદાન કરતાં આદર્શ ગ્રામ વિકાસ આંદોલનને ગતિ આપવાનું પ્રશિક્ષણ મેળવ્યું.

પરંપરા અનુરૂપ આરંભમાં સૌ મળીને આખા ગામની સફાઈ કરી. નશા નિવારણ અને જનજાગરણ રેલી કાઢવામાં આવી. ચિકિત્સા શિબિરમાં ૨૦૦ થી વધારે લોકોએ પોતાની તપાસ કરાવી દવા લીધી. 'રસોઈ ઘરમાં સ્વાસ્થ્ય' વિષય પર ગામવાસીઓને સંબોધિત કરતાં શ્રી કામતા પ્રસાદ સાહુએ હળદર, અજમો, કાળા મરી, તુલસી વગેરેના ઔષધિય ગુણોની જાણકારી આપી તથા અનેક સામાન્ય રોગોના નિવારણ માટે એના ઉપયોગની વિધિ બતાવી. શાંતિકુંજથી પહોંચેલ શ્રી વિષ્ણુ મિત્તલની ટીમે મોનાવાલા ગામના શ્રી મહિપાલ સિંહ, શ્રવણકુમાર, વેદપાલ, રમેશચંદ્ર, પ્રીતમ વગેરેનો ભરપૂર સહયોગ મળ્યો. ✡

# પૂર પીડિતોમાં ધાબળા વહેંચ્યા

**શાંતિકુંજ, હરિદ્વાર (ઉત્તરાખંડ)**



કામળા મેળવીને પાછા ફરી રહેલ ગામવાસી

પાછલા દિવસોમાં હરિદ્વારમાં આવેલ પૂરના સમયે શાંતિકુંજના કેટલાયે ગામોમાં રાહત અભિયાન ચલાવી કેટલાય દિવસો સુધી પૂર પીડિતોની સેવા કરી હતી. તા-૧૯ ડિસેમ્બરના રોજ શાંતિકુંજની રાહત ટીમ ફરી એમની વચ્ચે પહોંચી અને ભયંકર ઠંડીથી બચવા માટે તેમણે રાહત આપવામાં આવી. શાંતિકુંજના આફત પ્રબંધન ટીમે ૩૫૦૦ પરિવારોમાં ધાબળા અને અન્ય ગરમ કપડાનું વિતરણ કર્યું. આ રાહત અભિયાન હરિદ્વાર જિલ્લાના લક્સર તાલુકાના ગંગદાસપુર ગામ, ડેરિયો, જોગાવાલા, મોનાવાલા, દાબકીખેડા, શેરપુર, માંડાખેલા વગેરે ૧૪ ગામોમાં ચલાવવામાં આવ્યું. શ્રી વિષ્ણુ મિત્તલજીના નેતૃત્વમાં તા-૧૯ ડિસેમ્બરના રોજ પહોંચેલ આ રાહત ટીમમાં શ્રી ચંદ્રેશ પારાશર, શ્રી રામદાસ રઘુવંશી, શ્રી રમેશ શાહૂ, શ્રી પંકજ, શ્રી રાજીવ વગેરેએ પોતાની સેવાઓ આપી હતી. ✡

# લાભાન્વિત થઈ રહ્યા છે પોલીસના જવાનો

**શાંતિકુંજ, હરિદ્વાર (ઉત્તરાખંડ)**

''મનુષ્ય પોતાનો ભાગ્ય નિર્માતા છે.'' આ વાક્ય ૪૦ મી વાહીની, પી.એ.સી.હરિદ્વાર-ના કમાંડેન્ડ યુવા ઓફીસર શ્રી અનંત શંકર તાકવાલે-આઈ.પી.એ.સી.ને કિશોરાવસ્થા દરમ્યાન મહારાષ્ટ્રમાં મળ્યું હતું, ત્યારથી તેમણે આને પોતાનો જીવન મંત્ર બનાવી લીધો.

શ્રી તાકવાલેજીની પાંચ મહિના પહેલાં હરિદ્વારમાં બદલી થઈ છે. અહીં આવીને પૂજ્ય ગુરુદેવના યુગ નિર્માણ આંદોલના ચમત્કારીક પરિણામોનો અનુભવ પણ તેમણે થયો. આ અનુભવો અને કંઈક વિશેષ કરવાનો સંકલ્પ લઈને તેઓ તા-૨૧ નવેમ્બરના રોજ શાંતિકુંજ પધાર્યા. અહીં પારિવારિક્તાનો પ્રેમ મેળવી તેમણે યુગઋષિના ક્રાંતિકારી વિચારોનો વિસ્તાર કરતાં દેશની સેવામાં પોતાનું જીવન લગાવી દેવાનો સંકલ્પ લીધો.

શ્રી તાકવાલેજી પોતાના સ્ટાફની સાથે દરમહિને બેસીને તેમની સમસ્યાઓ અને મુશ્કેલીઓ સાંભળે છે. નવેમ્બરના પહેલા સપ્તાહમાં તેમણે દેસંવિવિના સૌજન્યથી પોતાની વાહિનીમાં યોગ અને વ્યક્તિત્વ પરિષ્કાર શિબિરનું આયોજન કર્યુ. ત્યારપછી તેમણે જે બેઠક રાખી તેમાં એક પણ જવાને કે ઓફીસરે પોતાની કોઈ સમસ્યા ન રાખી. શ્રી તાકવાલેજી આને એક મોટો ચમત્કાર માનતા હતા, જે દેસંવિવિના મનોવિજ્ઞાન તબીબોની સમર્પિત સેવાઓનું જ પરિણામ હતું.

કમાડેંટ મહોદયે શાંતિકુંજમાં આદરણીય જીજી સાથે તમામ વરિષ્ઠ જનો સાથે ચર્ચા કરી, આશીર્વાદ લીધા. એ સાધના કક્ષમાં બેસીને ધ્યાન પણ કર્યુ, જેમાં વિવાહ પછી તેઓ પોતાના માતા-પિતા અને પત્નીની સાથે શાંતિકુંજ આવ્યા અને ધ્યાન કર્યુ હતું. તેઓ સાહિત્ય વિસ્તાર પટલ પ્રત્યે વિશેષ રૂપથી આકર્ષિત થયા. પોતાની વાહિની સાથે ઉત્તરાખંડ પોલિસના ઉત્કર્ષ માટેના કેટલાય કાર્યક્રમોની તેમણે ઘોષણા કરી, જે આ મુજબ હતી.

➢ ૧૦૦૦ જવાનોને દેસંવિવિના દૂરસ્થ શિક્ષણ કાર્યક્રમોની જાણકારી આપશે. યોગ પ્રવેશિકા કોર્સ હેતુ પોલિસજનો માટે વિશેષ પાઠ્યક્રમ બનાવવાનો આગ્રહ તેમણે કર્યો.

➢ બટાલિયનની લાયબ્રેરીમાં યુગઋષિના સમસ્ત સાહિત્ય સ્થાપિત કરાવશે.

➢ પીએસી પરિવારોને શાંતિકુંજની યાત્રા કરાવશે.

➢ તેઓ પોતાનો વિવાહ દિવસ અને જન્મ દિવસ સંસ્કાર શાંતિકુંજના માધ્યમથી મનાવશે. ✡

## ઈશ્વર ક્યાં છે?

**આપણે પ્રવચન સાંભળીએ છીએ, શાસ્ત્રો વાંચીએ છીએ અને મંદિર-દેવાલયોમાં નમન પણ કરીએ છીએ. પરંતુ આપણી અંદર રહેલ અને બહાર વિખરાયેલા પરમાત્માને નથી જોઈ શકતા. આપણો વિવેક જાગે તો આ વસુધાના કણ-કણમાં વિખરાયેલ સૌંદર્ય, ગુંજાયમાન અનહદ નાદમાં એને અનુભવી શકીએ. ઈશ્વર આંખોથી ન જોઈ શકાય, એને તો અંતરાત્મામાં ભાવભરેલ સંવેદનાઓના રૂપમાં જ અનુભવી શકાય.**

**-સ્વામી રામતીર્થ**

# મરાઠવાડાનું દર્શનીય તીર્થ બનશે-ગાયત્રી ચેતના કેન્દ્ર, ઔરંગાબાદ



**આપ સૌનું ભરપૂર સમર્પણ અને અટૂટ શ્રદ્ધાની આ સાકાર રૂપ ગાયત્રી ચેતના કેન્દ્ર માલીવાડા આવનારા થોડા વર્ષમાં દ્વાદ્વશ જ્યોતિર્લિંગોની જેમ શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર બનશે. આ ચૈતન્ય તીર્થ સર્જન ક્રાંતિનો નવો અધ્યાય લખતાં આખા મરાઠવાડાનું આલોક સ્તંભ બની જશે. -આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજી**

## પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ

**આદ.ડૉ.પ્રણવ પંડ્યાજીએ તા-૨૩ ડિસે.ના રોજ ઔરંગાબાદ શાખા દ્વારા માલીવાડામાં ૧૨ એકર જમીન પર નવનિર્મિત ગાયત્રી ચેતના કેન્દ્રમાં ગુરુ સ્મારક પ્રખર પ્રજ્ઞા-સજલ શ્રદ્ધા, માઁ ગાયત્રીની મૂર્તિ અને યજ્ઞશાળાની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. એની સાથે જ સંતોની ભૂમિ મહારાષ્ટ્રને જ્ઞાનનો આલોક પહોંચાડનારું એક સશક્ત કેન્દ્ર મળી ગયું.**

### એક ઐતિહાસિક સ્થાપના

ઔરંગાબાદ શહેર બારમા જ્યોતિર્લિંગ ઘૃણેશ્વર મહાદેવ અને ઈલોરાની ગુફાઓ માટે વિશ્વ પ્રસિદ્ધ છે. આ જ ઐતિહાસિક સ્મારકોની લાઈનમાં એક નામ જોડાવા જઈ રહ્યું છે ગાયત્રી ચેતના કેન્દ્ર માલીવાડા. ઔરંગાબાદ શહેરથી ૧૩ કિ.મી.થી દૂર આવેલ માલીવાડામાં સ્થાનિય ગાયત્રી પરિવાર દ્વારા ૪૦ એકર જમીન પર એક આખુ દેવ સંસ્કૃતિ નગર વસાવવામાં આવી રહ્યું છે, માત્ર બે વર્ષમાં જ એની બાર એક જમીન પર બનાવવામાં આવેલ ગાયત્રી ચેતના કેન્દ્ર અને બાકી જમીન પર મિશનના કાર્યકર્તા જ પોતાના ઉતારા માટેના ભવનનું નિર્માણ કરી રહ્યા છે, જેથી ગાયત્રી ચેતના કેન્દ્રને એની માન્યતા અનુરૂપ વાતાવરણ સતત મળતું રહે. અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે બે વર્ષ પહેલાં આદરણીય ડૉ.સાહેબે જ દેવ સંસ્કૃતિ નગરનું ભૂમિપૂજન કર્યું હતું.

ગાયત્રી ચેતના કેન્દ્રનું નિર્માણ શ્રી રાજેશ ટાંક, જેમને બચપનથી જ પૂજ્ય ગુરુદેવ-વંદનીય માતાજીનું સાન્નિધ્ય અને અસીમ પ્યાર મળ્યો, એમના માર્ગદર્શનમાં સ્થાનિક પ્રાણવાન કાર્યકર્તાઓ દ્વારા કરાવવામાં આવ્યું. આ જ શ્રદ્ધા અને પ્રેમના બળે તેમણે પોતાના ક્ષેત્રમાં યુવા કાર્યકર્તાઓની એક વિશાળ ટીમ તૈયાર કરી લીધી છે. સર્વશ્રી પુરુષોત્તમ, પ્રકાશ, રામ, સંજય, પ્રમોદભાઈ, મુકેશ, દિનેશ વગેરેના સહયોગમાં ઔરંગાબાદ શાખાએ પાછલા દિવસોમાં કેટલાય મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યા છે. તેમણે શાંતિકુંજના આફત પ્રબંધન ટીમને બોલાવીને ગોલેનગામ, બરકતપુર, ગંગાપુર, લાસુર, પૈઠન વગેરે ગામોમાં આદર્શ ગામના નિર્માણની પહેલ કરી અને તેને સો ટકા વ્યસનમુક્ત કરાવ્યું. આ તમામ ગામોમાં ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના વિભિન્ન કાર્યક્રમ થાય છે. અહીંના ઑટો મોબાઈલ જ્ઞાનરથ ગામે-ગામ જઈને યુગ સાહિત્ય પહોંચાડી રહ્યા છે, પ્રજ્ઞા આયોજન કરાવી રહ્યા છે.

### પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ

શાંતિકુંજથી સર્વશ્રી કાલીચરણ શર્મા, ઉદય મિશ્રા, ગોવિંદ પાટીદાર, રાજકુમાર વૈષ્ણવ, પુષ્કર રાજ, નારાયણ રઘુવંશી અને સંતોષ સિંહની ટોળી પ્રાણ પ્રતિષ્ઠા સમારોહને સંપન્ન કરાવવા પહોંચી હતી. મહારાષ્ટ્ર ઝોન પ્રભારી શ્રી અશોકદાસ અને પિયૂષ રસ્તોગી ત્યાં પહેલેથી જ સક્રિય હતા. જલગાઁવ, નાશિક, ધુલિયા, શિરડી, ભુસાવળ, ઔરંગાબાદ, જાલના, બીડ, નાંદેડના ૨૦૦૦ કાર્યકર્તા પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.

સમારોહનો શુભારંભ વિભિન્ન ઝાંખીઓ સહિત ૧૦૮ બહેનોની મનોરમ કળશ યાત્રાની સાથે થયો. તા-૨૧ ડિસેમ્બરના રોજ ૨૪ કુંડીય યજ્ઞશાળામાં ૮૦૦ લોકોએ પોતાની ભાવભરી આહુતિઓ સમર્પિત કરી.

## ગાયત્રી ચેતના કેન્દ્ર શુ બન્યું? શુ બનવાનું બાકી છે?



**ગાયત્રી ચેતના કેન્દ્રમાં ૧૦૦૦ લોકોની બેઠકવાળો વિશાળ હૉલ, એની સામે ભવ્ય ગાયત્રી મંદિર, પુસ્તકાલય, શાંતિકુંજની જેમ જ ગુરુ સ્મારક પ્રખર પ્રજ્ઞા-સજલ શ્રદ્ધા (ટીનશેડ સહિત), નવ કુંડી યજ્ઞશાળા, ભોજનાલય, ૧૦૦ લોકોની ઉતારાની વ્યવસ્થા બનીને તૈયાર છે. ૧૦૦૦ લોકો માટે ભોજન બનાવવા, ખવડાવવાની પૂરી વ્યવસ્થા ત્યાં બનાવી દેવામાં આવી છે. મુખ્ય રોડથી ૨૦૦ મીટરનો પ્રવેશદ્વાર અતિથિઓને સહજ જ આકર્ષિત કરે છે. છેલ્લા બે વર્ષની અંદર ત્યાં આકર્ષક બગીચો, નવગ્રહ વાટિકા વગેરે પણ બનાવી લેવામાં આવ્યા છે. ટુંક સમયમાં ત્યાં બે એકર જમીન પર ગૌશાળા, સ્વાવલંબન કેન્દ્ર તથા દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયનું શિક્ષણ કેન્દ્ર બનાવવાની યોજના છે.**





### આદરણીય ડૉ.સાહેબનું આગમન

તા-૨૨ ડિસેમ્બરના રોજ પધારેલ આદરણીય ડૉ.સાહેબનું એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. તેમણે શ્રી સુરજ પ્રસાદ શુક્લાજીની સાથે ચેતના કેન્દ્ર પહોંચીને સૌથી પહેલાં પ્રખર પ્રજ્ઞા-સજલ શ્રદ્ધા સ્મારકોમાં ઋષિયુગ્મના શક્તિકળશોની સ્થાપના કરી. ત્યાં શ્રી આનંદજીની ધર્મપત્ની દ્વારા બનાવવામાં આવેલ પૂજ્ય ગુરુદેવ-વં.માતાજીના ચિત્રોની રંગોળી ભાવવિભોર કરી દેનારી હતી.






### યુવાઓને માર્ગદર્શન

મધ્યાહ્ન કાળના સત્રમાં ૧૧ જિલ્લાઓના કાર્યકર્તા અને જૈન ઈંટરનેશનલ સ્કૂલ, મહારાણા પ્રતાપ સ્કૂલ, ચાંટે સ્કૂલ, પરમાનંદ એંજીનિયરિંગ સ્કૂલ, એમ.જી.એમ. સ્કૂલ, મહારાષ્ટ્ર પબ્લિક સ્કૂલ વગેરે ૨૫ શિક્ષણ સંસ્થાઓના વરિષ્ઠ વિદ્યાર્થીઓને આદરણીય ડૉ.સાહેબે સંબોધીત કર્યા. ''ઉઠો, જાગો, રોકાઓ નહીં'' વિષય પર લગભગ ૨૦૦૦ લોકોને ઉદ્દ્બોધન આપતાં તેમણે કહ્યું:-

પહેલાં પોતાની મદદ કરો, પછી બીજાની કરો. આજના યુવાનોને વ્યસને ઘેરી રાખ્યા છે. તે સંસારમાં ભાગી રહ્યા છે. હું કહું છું કે ભાગો મત, સંસારની સાથે ચાલો. સારા ગુણોની ખેતી કરવાની આરંભ કરી દો. જે દિવસે આ કાર્ય આરંભ કરી દેશો, એ જ દિવસથી જીવનના રંગ બદલાઈ જશે.

### દીપયજ્ઞ

સાંજના દિપયજ્ઞના સમયે શાંતિકુંજના પ્રમુખ પ્રતિનિધિએ જન્મ શતાબ્દી પર ઉદ્દ્બોધન આપ્યું. તેમણે ૧૯૧૧ થી ૨૦૧૧ સુધીના કાળચક્રની સમીક્ષા કરતાં અને પૂજ્ય ગુરુદેવના જીવન સાથે જોડતા એને વિચાર પરિવર્તનની શતાબ્દી જણાવી. તેમણે વર્ષભર ચાલનારા કાર્યક્રમોની જાણકારી આપી. ૨૪૦૦૦ દીપકોની સાક્ષીમાં ભવ્ય દીપયજ્ઞ સંપન્ન થયો. ઈન્કમ ટેક્સ કમિશ્નર સુશ્રી એકતા, કલેક્ટર શ્રી બિપિન કુમાર તથા મેયર સુશ્રી અનિતા બોડલેએ પણ દીપ પ્રગટાવ્યા, આખુ વાતાવરણ અલૌકિક દિવ્યતા અને મહાકાલના સંકીર્તનથી ગુંજી ઉઠ્યું.

### પ્રાણ પ્રતિષ્ઠા

પ્રાણ પ્રતિષ્ઠાનું કર્મકાંડ આગામી દિવસે પ્રાતઃ છ વાગ્યાથી જ આરંભ થઈ ગયું. મંદિર પરિસર અને યજ્ઞશાળામાં લોકો મૌન માનસિક જપ કરી રહ્યા હતા. શ્રી કાલીચરણ શર્મા અને શ્રી ઉદયકિશોર કર્મકાંડનું સંચાલન કરી રહ્યા હતા. દશ સ્નાન ઉપરાંત આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજીએ પ્રાણ આહ્વાન, પ્રાણ સ્થિરીકરણની પ્રક્રિય પૂરી કરી. લગભગ ૫૦૦૦ લોકોએ યજ્ઞમાં ભાગ લીધો. સ્વયં ડૉ.સાહેબ દ્વારા પ્રથમ આરતી બાદ મંદિરને દર્શનાર્થ ખોલી દેવામાં આવ્યું. ત્યારબાદ યજ્ઞશાળામાં દીક્ષાનો ક્રમ સંપન્ન થયો.

વિદાયના માર્મિક ક્ષણોમાં શાંતિકુંજ પ્રતિનિધિએ ઔરંગાબાદના પ્રાણવાન કાર્યકર્તાઓના અથાક પ્રયાસોની હૃદયથી પ્રશંસા કરતાં કહ્યું કે આવનારા પાંચ વર્ષોમાં આ કેન્દ્ર આખા ઔરંગાબાદને આકર્ષિત કરશે. અહીં સુસંસ્કારીતાનું વાતાવરણ બનશે, લોકોની મંગલકામનાઓ પૂરી થશે.







ગાયત્રીની પ્રાણ પ્રતિષ્ઠા અને ગુરુસ્મારકોમાં ભસ્માવશેષોની સ્થાપના કરી રહેલ શ્રદ્ધેય ડૉ.સાહેબ.

(વધુ પા.નં.-૬ પર)

# જન્મ શતાબ્દી વર્ષના બે મોટા મહોત્સવોની તૈયારિઓ

## પશ્ચિમી ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં અનેરો ઉત્સાહ : મેરઠમાં યોજાયી ગયું લોકસેવી સંમેલન

**મેરઠ (ઉત્તર પ્રદેશ)**

આદરણીય ડૉ. પ્રણવ પંડ્યાજીએ મેરઠમાં તા-૧૯ ડિસેમ્બરના રોજ યોજાયેલ વિશાળ લોકસેવી સંમેલનને સંબોધિત કરતાં ત્યાં ઉપસ્થિત લગભગ ૮૦૦૦ મુખ્ય કાર્યકર્ત્તાઓને આ સમયની ગંભીરતા તેમજ તેમની જવાબદારીનો બોધ કરાવ્યો. આ સંમેલન ઉત્તર પ્રદેશના પશ્ચિમી જિલ્લાઓમાં જન્મ શતાબ્દીના આયોજનો પ્રત્યે ઉમટી રહેલ શ્રદ્ધાની અભિવ્યક્તિ અને એ સંદર્ભમાં શાંતિકુંજ પ્રતિનિધિઓથી પ્રેરણા-માર્ગદર્શન મેળવવા માટે મેરઠના સનાતન ધર્મ મંદિર કોલેજમાં યોજાયું હતું. જેમાં પશ્ચિમ ઉત્તર પ્રદેશના ૧૦ જીલ્લાઓ અને ઉત્તરાખંડના બે જીલ્લાઓના પરિજનોએ ભાગ લીધો હતો.

મેરઠનું લોકસેવી સંમેલન મુક્તાકાશી હતું. જેમાં બે વિશેષ પ્રયોગો કરવામાં આવ્યા. (૧) આયોજનમાં સાર્વજનિક ફાળો લેવામાં નથી આવ્યો. સ્થાનિક પરિજનોએ પરસ્પર હળી-મળીને શેતરંજી, માઈક, સજાવટ તેમજ મધ્યાહ્ન ભોજનનો ખર્ચ ઉઠાવ્યો. (૨) સંપૂર્ણ આયોજન પ્રાત:૧૦ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધીમાં સંપન્ન કરી લેવામાં આવ્યું.



મેરઠમાં લોકસેવી સંમેલનને સંબોધિ રહેલ આદરણીય ડૉ. સાહેબ

શાંતિકુંજથી આદરણીય ડૉ. પ્રણવ પંડ્યાજી અને શ્રી કાલીચરણ શર્માજી ટોળી પહોંચી હતી. દીપ પ્રજ્વલનની સાથે સંમેલનનું ઉદ્દઘાટન થયું. ધર્મધ્વજા ફરકાવવામાં આવી. 'પરમ પૂજ્ય ગુરૂદેવની જન્મ શતાબ્દી અને આપણું કર્તવ્ય' વિષય પર બોલતાં આદ. ડૉ. સાહેબે દિલ્હીમાં ૨૦ ફેબ્રુઆરીના રોજ યોજાનાર રાષ્ટ્રીય સ્તરની શ્રદ્ધાંજલિ આયોજનની વિસ્તારથી જાણકારી આપી અને આ ક્ષેત્રની વિશેષ ભૂમિકા પર પ્રકાશ ફેંક્યો.

શ્રી કાલીચરણ શર્માજી એ 'અહીંથી પાછા ફરીને આ કરવાનું છે'- વિષય પર માર્ગદર્શન પૂરૂ પાડ્યું.

આ પછી જુદાજુદા જીલ્લાઓમાંથી આવેલ પરિજનોને તાલુકા પ્રમાણે વિભાજીત કરવામાં આવ્યા, જેનાથી સામુહિક ચર્ચામાં સરળતા રહે. ત્યારબાદ વિભિન્ન જીલ્લાઓ દ્વારા જન્મ શતાબ્દી સમારોહના નિમિત્તે સંકલ્પના ક્રમનો શુભારંભ થયો. આ ક્ષેત્રથી ઘઉં, દાળ, ખાંડ, રોકડરકમ તથા સમયદાની સ્વયંસેવકોના પ્રશંસનીય સંકલ્પો ઘોષિત થયા. વધુમાં વધુ સંકલ્પ તાલુકા અને જીલ્લા સ્તરે થયા. વ્યક્તિગત અનુદાનની પણ ઘોષણાઓ કરવામાં આવી હતી, જેમનું સ્વાગત પ્રશંસા ભરેલી કરતલ ધ્વનિઓથી કરવામાં આવ્યું.

અંતમાં આદ. ડૉ. સાહેબે કાર્યકર્તાઓની શ્રદ્ધા, ત્યાગ ભાવના અને સમર્પણની પ્રશંસા કરતાં ભાવભીની વિદાઈ લીધી. શ્રી નિરંજન ત્યાગી, શ્રી રામગોપાલ શર્મા, શ્રી બ્રહ્મકુમાર શર્મા તથા સનાતન ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યજીના પ્રેરણાદાયી ઉદ્દ્બોધન રહ્યા. આ સંમેલનથી લોકસેવી કાર્યકર્તાઓમાં શ્રદ્ધા-નિષ્ઠા તથા ઉત્સાહનો જાણે ઉમંગ ન ઉમટ્યો હોય! યુગ શક્તિની પ્રતીક લાલ મશાલની સામે સંકલ્પ વ્રત ધારણ કરી, હૃદયમાં ગુરૂસત્તાના અસીમ ઉપકારોને સ્મરણ કરતાં તમામ કાર્યકર્તા ભાઈ-બહેન પોત-પોતાના ગંતવ્યો માટે રવાના થયા. ✡

## શાંતિકુંજ સંદેશ



આપણા ગુરૂદેવની જન્મ શતાબ્દીમાં જોડાવાનો આ અવસર સૌભાગ્યશાળી શિષ્યોને જ મળે છે. આ સૌભાગ્ય મેળવી શકવાનો ગૌરવબોધ આપણને થવો જ જોઈએ. મહર્ષિ અરવિંદ, ભગતસિંહ, ગોલવલકરજી, ગોખલે, તિલકે દેશને રાજનૈતિક આઝાદી અપાવવા માટે ઉચ્ચ સ્તરીય રાષ્ટ્ર ભક્તિનો આદર્શ રજુ કર્યો હતો. પં. શ્રીરામ શર્મા આચાર્યજીના શિષ્યોએ દેશને નૈતિક-સાંસ્કૃતિક સ્વતંત્રતા અપવવા માટે આનાથી પણ આગળ પડતો ત્યાગ-પુરૂષાર્થ કરવો પડશે. ક્યારેક સંઘર્ષ અને જેલ જવાની ખાસ આવશ્યકતા હતી, આજે આપણી દુષ્પ્રવૃત્તિઓ સામે ઝઝુમીને સમાજની સામે માનવતાનો આદર્શ રજુ કરવાની આવશ્યકતા છે.

આ ક્રાંતિવીર મંગલ પાંડેની ઐતિહાસિક ભૂમિ યુગ સર્જકોને તેમના સૌભાગ્ય અને કર્ત્તવ્યોની યાદ અપાવી રહી છે. આપણે આપણા હૃદયની દુર્બળતાઓને છોડીને કમર કસી ઉભા થવાનું છે. વિચાર ક્રાંતિની શતાબ્દીમાં યુગઋષિના ક્રાંતિકારી વિચારોનો વિસ્તાર જ આપણું પ્રમુખ લક્ષ્ય છે. એના માટે આપણે સમયદાન અને અંશદાનની હરિફાઈ લગાવવી જોઈએ. આપણે જ જન્મ શતાબ્દીના બે મોટા ઉત્સવોની મેજબાની કરવાની છે.

## સમુહ ચર્ચા

**જોડાયેલ જીલ્લાઓ**

મેરઠ, મુજફ્ફરનગર, બાગપત, બુલંદશહેર, બિજનોર, ગાજિયાબાદ, મુરાદાબાદ, સહારનપુર, જેપી નગર, અલીગઢ, હરિદ્વાર, દહેરાદૂન



**સામૂહિક સંકલ્પ**

૧ હજાર ક્વિ. ઘઉં, ૧૫૦ ક્વિ. ખાંડ, ૧૦ હજાર કાર્યકર્તા (૧ થી ૩ મહીના માટે સમયદાન), દોઢ કરોડ રૂપિયા,

**મેરઠ જીલ્લાના સંકલ્પ**

એક હજાર ક્વિ. અનાજ, ૧૦૦૦ કાર્યકર્તા એક કરોડ રૂપિયા, ૧૦૮ પુસ્તક મેળાઓ

## પુસ્તક મેળો

**મેરઠ શાખાની પુસ્તક મેળા ટોળીએ આ બેઠકમાં પણ એક સ્ટોલ લગાવ્યો હતો, જેમાં ૫૦ હજાર રૂપિયાનું સાહિત્ય વેંચાયુ. આદ. ડૉ. સાહેબે દરેક જીલ્લામાં પુસ્તક મેળો, જ્ઞાનરથ, સ્ટિકર, બલિવૈશ્વ યજ્ઞ, વાંગ્મય સ્થાપના વગેરે આંદોલનોને ગતિ આપવા માટે આહ્વાન કર્યુ.**

## ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરિક્ષા, ૨૦૧૧ની તૈયારીઓનો શુભારંભ

### શાંતિકુંજમાં યોજાઈ ગઈ રાષ્ટ્રિય બેઠક

વર્ષ ૨૦૧૦માં ૪૭ લાખ વિદ્યાર્થીઓને જોડવાની ભવ્ય સફળતા પછી શાંતિકુંજમાં ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા પ્રકોષ્ઠે વર્ષ ૨૦૧૧ની તૈયારિઓનો શુભારંભ કરી દીધો છે. આનો શુભારંભ ૨૫ અને ૨૬ ડીસેમ્બરની તારીખોમાં યોજાયેલ પ્રાદેશીક અને જીલ્લા સંયોજકો તેમજ સક્રિય યોગદાન આપી રહેલ પરિજનોની રાષ્ટ્રિય બેઠકથી થયો.

બેઠકનું ઉદ્દઘાટન શાંતિકુંજના વરિષ્ઠ પ્રતિનિધિ શ્રી કપિલ કેશરી, શ્રી એચપી સિંહ અને ભાસંજ્ઞાપ પ્રકોષ્ઠ પ્રભારી શ્રી આરકે નાયક દ્વારા દીપ પ્રજ્વલન સાથે થયું. આ અવસર પર શ્રી કપિલજીએ પરમ પૂજ્ય ગુરૂદેવની જન્મ શતાબ્દી વર્ષને પૂરી ભાવના અને શક્તિની સાથે મનાવવાની પ્રેરણા આપી. બે દિવસોમાં ૮ પ્રમુખ બિંદુઓ પર ચર્ચા થઈ, જેનું પ્રારંભિક માર્ગદર્શન શ્રી એચપી સિંહએ પુરુ પાડ્યું. વર્ષ ૨૦૧૦માં ૨૨ રાજ્યોમાં ૩૬૫ જીલ્લાઓના ૪૭ લાખ વિદ્યાર્થીઓની ભાગીદારીની જાણકારી રાષ્ટ્રીય બેઠકમાં આપવામાં આવી હતી.

શ્રી જી.એલ. ચૌરસિયાજીએ વિદ્યાલયોમાં અને જીલ્લાઓમાં યુગ નિર્માણી સ્કાઉટ-ગાઈડ સંગઠનોનો શુભારંભ કરવાની પ્રેરણા આપી. સર્વશ્રી આરકે નાયક, પીડી ગુપ્તા, રમાકાંત આમેટા, મોહનસિંહ ભદૌરિયા, ચક્રધર છપલિયાલ, નરેન્દ્ર ઠાકુર, જેપી મૌર્ય, રવિકાંત શર્માએ જુદા જુદા વિષયો પર માર્ગદર્શન પુરૂ પાડ્યું. રાજ્યોના પ્રતિનિધિ સર્વશ્રી એસઆર ચૌધરી (ભોપાલ), પ્રમોદ શ્રીવાસ્તવ (જબલપુર), એસકે શ્રીવાસ્તવ (લખનૌ), ગોપાલ અગ્રવાલ (ટાટા નગર), સચદેવાજી (દિલ્લી), રામપાલ તિવારી (છત્તીસગઢ), ઘનશ્યામ સોની (જોધપુર)એ ચર્ચામાં અગ્રણી ભાગ લીધો. ✡



**જન્મ શતાબ્દી વર્ષ-૨૦૧૧**

## ચર્ચાના બિંદુ અને નિષ્કર્ષ

☛ઓએમઆરથી મૂલ્યાંકન, આગામી વર્ષની પરીક્ષા તિથિઓ પર સલાહ-સૂચન મળ્યા. ☛વર્ષ ૨૦૧૧માં પરીક્ષા શુલ્ક (સહયોગ રાશિ) તથા પુસ્તકો વર્ષ ૨૦૧૦ની જેમજ રહેશે.

☛વિદ્યાલયોમાં જન્મદિવસ ઉજવવા, આદર્શ વાક્ય લખવા, સંસ્કૃતિ મંડળની રચના, શિબિર આયોજન, પ્રાર્થના સભામાં ઉદ્દ્બોધન, યોગ-વ્યાયામ વગેરે માટે શિક્ષક-પરિજનોનો વધુમાં વધુ સહયોગ મેળવવા માટે પ્રયાસો કરવામાં આવશે.

☛પ્રાદેશીક સમિતિઓને વધુ સક્ષમ અને સક્રિય બનાવવામાં આવશે.

☛કેટલાક વિદ્યાલયોને ખોળે લઈને નૈતિક શિક્ષણ માટે પ્રોત્સાહન આપવામાં આવે, જેનાથી ભાસંજ્ઞાપના વાસ્તવિક ઉદ્દેશ્ય સિદ્ધ થઈ શકે. શિક્ષકોને એના માટે વિશેષ પ્રેરણા આપવામાં આવે.

☛પ્રાથમિક વિદ્યાલય અને આંગણવાડિઓના સહયોગથી બાળ સંસ્કાર શાળાઓ ચાલે.

☛જન્મ શતાબ્દીના ઉપલક્ષ્યમાં આખા દેશમાં જીલ્લા સ્તરીય શિક્ષક શિબિરો યોજાશે. જાન્યુઆરીથી માર્ચ સુધી તમામ રાજ્યોની બેઠકો અને શિબિરો યોજાશે.

☛ધો. ૧૨થી ઉપરના પરીક્ષાર્થિઓ માટે વિશેષ પાઠ્ય પુસ્તક તૈયાર કરવામાં આવી છે, જે મેરઠ જીલ્લામાં પહુંચી ગઈ છે. ✡

**સ્વામી:-**યુગ ચેતના ટ્રસ્ટ શાંતિકુંજ હરિદ્વાર શ્રીમતી શૈલબાળા પંડ્યા શાંતિકુંજ હરિદ્વાર દ્વારા પ્રકાશિત અને યુગાન્તર ચેતના પ્રેસ હરિદ્વારમાં મુદ્રિત અને યુગચેતના ટ્રસ્ટ શાંતિકુંજ દ્વારા પ્રકાશિત. સંપાદક વીરેશ્વર ઉપાધ્યાય **એડ્રેસ:-શાંતિકુંજ હરિદ્વાર (ઉત્તરાખંડ) પીન નં:- ૨૪૯૪૧૧, ફોન નંબર-(૦૧૩૩૪) ૨૬૦૬૦૨, ૨૬૧૩૨૮ ફેક્સ-નં-૨૬૦૮૬૬**

www.awgp.org, www.dsvv.org
Email:-shantikunjnews@awgp.org

R.No.UA/DO/DDN/29/2009-11
LICENCE TO POST
W/O PREPAYMENT
NO. WPP/05/05
RENEWED
UP TO-2011